# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 1 * ઑક્ટોબર 2025 * કિં. ₹ 15






educate girls

**એજ્યુકેટ ગર્લ્સ**

**રેમન મૅગ્સેસે ઍવૉર્ડ પ્રાપ્ત કરનારી ભારતની સર્વપ્રથમ સંસ્થા**




ડૉ. હેમરાજ શાહપ્રેરિત કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ સ્વીકારતા
શ્રી ભગવાનદાસ પટેલ અને મંચસ્થ મહાનુભાવો



આદિવાસી સમાજની
લોકસંસ્કૃતિની પ્રસ્તુતિ
કરતા ગાયકો

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# ભારતની રાજનીતિની અગ્નિપરીક્ષા

પ્રવીણ ક. લહેરી

૧૯૪૭માં ભારત આઝાદ થયું, ત્યારે વિશ્વમાં અમેરિકાના નેતૃત્વ હેઠળના મૂડીવાદી અને વિકસિત દેશોનું સંગઠન હતું. બીજી બાજુ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ સોવિયેટ રશિયા-(યુએસએસઆર)ના વડપણ હેઠળ સામ્યવાદી દેશોનો સમૂહ હતો. ભારત સહિત એશિયા-આફ્રિકાના તે સમયે આઝાદ થયેલા દેશોએ બિનજોડાણવાદી નીતિનો ત્રીજો મંચ બનાવ્યો. તેમાં ઘણા અમેરિકા તરફી તો અન્ય રશિયા પ્રતિ ઝુકાવ દાખવતા હતા. તત્કાલીન અમેરિકી વિદેશમંત્રી જહોન ફુસ્ટર ડલાસની નીતિ કડક હતી. તેનું કહેવું હતું, 'જે દેશ અમારી સાથે નથી, તે અમારી વિરુદ્ધ છે.' આજે પણ અમેરિકાની વિદેશનીતિ ડલાસ થિયરીના પડછાયામાંથી બહાર નીકળી શકી નથી. ૧૯૫૦ અને ૧૯૬૦ના બે દશકામાં ભારત, ઇન્ડોનેશિયા, યુગોસ્લાવિયા, ઇજિપ્ત અને ઘાના બિનજોડાણવાદી દેશોના અગ્રણીઓ હતા. આ દેશોના સંગઠનને નૉનએલાઇન્ડ મૂવમેન્ટ(NAM)નું નામાભિધાન મળ્યું હતું. એકસો કરતાં વધારે દેશો તેના સભ્યો હોવાથી આંતરરાષ્ટ્રીય મંચ પર 'નામ'નો પ્રભાવ હતો. આ દેશોના સંખ્યાબળ સામે તેમની આર્થિક સધ્ધરતા અને લશ્કરી સજ્જતા ઓછી હોવાથી તેઓના નિર્ણયોની અસર મહાસત્તાઓ પર થતી ન હતી. આ સમય દરમિયાન અમેરિકા અને રશિયા વચ્ચેના શીતયુદ્ધમાં ૧૯૫૬માં રશિયાએ હંગેરીમાં થયેલા બળવાને દાબી દીધો હતો. ૧૯૬૨માં ચીન-ભારત વચ્ચે યુદ્ધ થતાં સામ્યવાદી રશિયાને અવઢવ થઈ હતી કે સાથી રાષ્ટ્ર ચીનને ટેકો આપવો કે મિત્ર દેશ ભારતને ? ૧૯૬૨ની લડાઈએ આપણા દેશની અનેક નબળાઈઓ ઉજાગર કરી હતી. એ પછી રશિયા સાથેના વેપાર અને તેણે પૂરી પાડેલી શસ્ત્ર-સરંજામની વસ્તુઓના કારણે ભારતીય લશ્કરની તાકાતમાં નોંધપાત્ર વધારો થયો હતો. ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતનો વિજય અને ફરી ૧૯૭૧માં ઢાકામાં પાકિસ્તાન લશ્કરના ૯૫,૦૦૦ સૈનિકોની શરણાગતિએ ભારતને એક શક્તિશાળી પ્રાદેશિક સત્તા તરીકે સન્માન મળવાનું શરૂ થયું.

૧૯૬૧માં અમેરિકાની નજીકમાં ક્યુબા દેશમાં રશિયન મિસાઇલ રાખવાના મુદ્દે અમેરિકા-રશિયા વચ્ચે અભૂતપૂર્વ તનાવ થયો અને વિશ્વશાંતિ પર ખૂબ મોટું જોખમ ઊભું થયું હતું. સદ્નસીબે બંને મહાસત્તાઓએ સમાધાન કરી લીધું.

ભારતના ૧૯૭૧ના વિજય અને બાંગ્લાદેશના સર્જન સમયે અમેરિકન પ્રમુખ રિચાર્ડ નિક્સન અને વિદેશમંત્રી હેનરી કિસિંજરે ખૂબ ખરાબ અને પક્ષપાતી ભૂમિકા ભજવીને ભારત પર આક્રમણ માટે સાતમા નૌકાકાફલાનાં યુદ્ધજહાજો મોકલ્યાં હતાં, પણ

રશિયન નૌકાદળની મજબૂત હાજરી હિંદ મહાસાગરમાં જોઈને સાતમા કાફલાએ પીછેહઠ કરી હતી. ૧૯૬૮માં ઝેકોસ્લોવેકિયા અને ત્યારબાદ પોલૅન્ડ પરના હુમલાથી મધ્ય યુરોપ પર રશિયાએ પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. ૧૯૭૪માં માઓત્સે તુંગના અવસાન બાદ ચીને અમેરિકા સાથે સમજૂતી કરી ઔદ્યોગિક અને કૃષિ વિકાસ માટે સામ્યવાદમાં ફેરફાર કરી ઉદારીકરણની નીતિ અપનાવી હતી. ભારત આ સમયે સમાજવાદી સમાજરચનાના આદર્શના મૃગજળ પાછળ દોડી રહ્યું હતું.

વિશ્વના ઈતિહાસમાં ૧૯૯૦નું વર્ષ સીમાચિહ્નરૂપ છે. આ વર્ષે સામ્યવાદી રશિયાના તાબેદાર યુરોપ-એશિયાના દેશો સ્વતંત્ર થયા. રશિયન ફેડરેશન વીંખાઈ જતાં અને રશિયાની મર્યાદાઓ ઉજાગર થતાં વિશ્વમાં મહાસત્તા તરીકે અમેરિકાનું કોઈ હરીફ રહ્યું નહીં. આ જ વર્ષે ભારતે તત્કાલીન વડાપ્રધાનશ્રી નરસિંહરાવ અને નાણામંત્રીશ્રી મનમોહન સિંહના નેતૃત્વ હેઠળ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનો પ્રારંભ કર્યો. ભારતે મૂડીવાદી દેશો સાથેનો વ્યાપાર વધાર્યો અને સંબંધો સુધાર્યા. ૧૯૯૦ પછી ભારતનો આર્થિક વિકાસ ઝડપી બન્યો અને ભારત પાસે વિદેશી હૂંડિયામણની અનામત ઊંચા સ્તરે પહોંચી. રાજકીય રીતે ભારત-અમેરિકા બંને લોકશાહી દેશો છે. બંનેએ અરસપરસ મદદ કરવી જોઈએ તેવી ભાવનાત્મક વાતો થઈ. ભારતના અનેક ડૉક્ટરો, એન્જિનિયરો અને અન્ય તજ્જ્ઞો ખૂબ મોટી સંખ્યામાં અમેરિકામાં અવકાશ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ભારતની રાજનીતિની અગ્નિપરીક્ષા | ૩ | પ્રવીણ ક. લહેરી |
| દીવો અને મીણબત્તી | ૮ | ચિંતન ભટ્ટ |
| અગસ્ત્ય ઋષિને પગલે પગલે | ૧૧ | ભારતી રાણે |
| લુંગ વાઈ શાળા - વિયેટનામ ૭૪૩ | ૧૫ | હેમંત વાળા |
| કાચના ઘરમાં રહેનારે... | ૧૮ | રતિલાલ બોરીસાગર |
| શીલભદ્ર સંશોધકનું અભિવાદન | ૨૦ | કુમારપાળ દેસાઈ |
| ટીમ બાલિકા | ૨૫ | પ્રીતિ શાહ |
| એ બધાના મોઢે મારું ખરાબ જ બોલે છે ! | ૨૭ | કૃષ્ણકાંત ઉનડકટ |
| જય રણછોડ | ૩૦ | સુધા ભટ્ટ |
| એઆઈની પીછેહઠ ? | ૩૨ | હર્ષ મેસવાણિયા |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | — |

વિજ્ઞાન, અણુશક્તિ, સૉફ્ટવૅર ને તબીબી સારવારમાં જોડાયા. આજે ૪૫ જેટલી બહુરાષ્ટ્રીય કંપનીના વડાઓ ભારતીય મૂળના ટૅક્નૉક્રેટ છે.

૧૯૯૦ બાદ 'નામ' જૂથ અપ્રસ્તુત બનતું ગયું. એકધ્રુવીય મહાસત્તા અમેરિકા સાથે સંબંધ રાખ્યા વિના કોઈ દેશ પાસે વિકલ્પ ન હતો. આંતરરાષ્ટ્રીય વેપાર ડૉલરમાં જ કરવાની પ્રથાએ અમેરિકાને મહત્ત્વનું અર્થતંત્ર બનાવ્યું. બીજી બાજુ ચીને ૧૯૭૪થી ૨૦૦૦ સુધીનાં ૨૬ વર્ષ દરમિયાન હરણફાળ ભરી ઔદ્યોગિક ઉત્પાદન અને વિદેશ-વ્યાપારમાં અગ્રસ્થાન હાંસલ કર્યું. ૧૯૭૪માં ચીન-ભારત સમકક્ષ હતાં, તેની જગ્યાએ આજે ચીન ભારત કરતાં આર્થિક સમૃદ્ધિમાં છ ગણું આગળ છે. આજે લશ્કરી તાકાતની રીતે અમેરિકા, ચીન, રશિયા અને ફ્રાંસ આગળ પડતા દેશો છે. ભારતનો ચીન સાથેનો વેપાર ૧૦૦ અબજ ડૉલર છે, પણ તેમાં ભારતની નિકાસનું પ્રદાન અલ્પ છે.

આ પૂર્વભૂમિકા સાથે ભારતના કૂટનીતિજ્ઞો માટે અનેક પડકારોને પહોંચી વળવાની વિકરાળ સમસ્યા ઊભી થઈ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બીજી ટર્મની શરૂઆતથી જ વિશ્વમાં અજંપો પેદા થયો છે. આંતરરાષ્ટ્રીય શિષ્ટાચારને બાજુએ મૂકીને મિત્ર દેશ કૅનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય કહેવું અને તેના વડાપ્રધાનની મશ્કરી કરવી, કૅનેડા-અમેરિકા વચ્ચેના મુક્ત વેપારની જગ્યાએ ઊંચી ટેરિફ નાખવી વગેરે બાબતો અસામાન્ય છે. યુક્રેનના પ્રમુખને પણ જાહેરમાં અપમાનિત કરવા કે કતાર પાસેથી આધુનિક વિમાનની અંગત ભેટ સ્વીકારવી કે 'નાટો'ના સાથી દેશોને જુદી જુદી ધમકી આપવી તે ખૂબ આશ્ચર્યજનક છે.

ભારત માટે આજે વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્ર અમેરિકા સાથેના સંબંધો સુધારવાની સમસ્યા મહત્ત્વની છે. પ્રમુખ ટ્રમ્પ ભારતના અર્થતંત્રને મૃત જાહેર કરે છે અને ભારતને ટેરિફ કિંગની ઉપમા આપે છે. જિનેટિકલી મોડિફાઇડ બિયારણ ભારતમાં દાખલ કરી કૃષિક્ષેત્ર પર આડકતરો કબજો કરવાની ચેષ્ટા હોય કે કૃષિ અને ડેરીક્ષેત્રે પોતાનો વધારાનો સ્ટૉક ભારતને વેચવાનો હોય, રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાનો મુદ્દો હોય, ટ્રમ્પની અપેક્ષા છે કે ભારતે તેના નિર્ણયો ટ્રમ્પની મરજી મુજબ કરવા જોઈએ. ટ્રમ્પની ચંચળ માનસિકતા, અમેરિકાના વિદેશ-સંરક્ષણ વિભાગોનો પાકિસ્તાન પ્રતિ ઝુકાવ અને અમેરિકામાં ઝળહળતી સફળતા મેળવનાર ભારતીયોની ઈર્ષ્યાના કારણે તેમજ ભૂતકાળનું અમેરિકાનું વલણ જોતાં ભારત માટે આગામી ચાર વર્ષ કસોટીનો કાળ રહેશે તેમાં શંકા નથી.

ભારત-પાકિસ્તાનના સંબંધો હંમેશાં તનાવપૂર્ણ રહ્યા છે. ૧૯૪૭-૪૮, ૧૯૬૫, ૧૯૭૧, ૧૯૯૦ અને ૨૦૨૫માં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં છે. પહેલગામના આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનના નવ આતંકી કૅમ્પો પર મિસાઇલોથી હુમલો કર્યો ત્યાર બાદ ચાર દિવસ હવાઈ યુદ્ધ ચાલ્યું. સેંકડો ડ્રૉન અને મિસાઇલોનો હુમલો

ભારતે નિષ્ફળ બનાવ્યો. ભારતની સંરક્ષણવ્યવસ્થા આટલી અસરકારક હશે તેવું કોઈ માનવા તૈયાર ન હતું. ત્યારબાદ ભારતે બ્રહ્મોસ સહિત વિવિધ મિસાઈલો દ્વારા પાકિસ્તાનના ૧૧ હવાઈ અડ્ડાઓનો જે ઝડપથી અને લક્ષ્યવેધી રીતે વિનાશ કર્યો તેનાથી પાકિસ્તાને યુદ્ધ રોકવા વિનંતી કરવી પડી. પાકિસ્તાન છેલ્લાં ૭૮ વર્ષોથી પશ્ચિમી મહાસત્તાઓના અને હવે ચીનના પ્યાદા તરીકે વર્તે છે. પાકિસ્તાન પોતાની ભારત વિરોધી માન્યતા ન છોડે ત્યાં સુધી તેની સાથે મંત્રણાનો કોઈ અર્થ નથી. પાકિસ્તાનને કારણે ભારતમાં આતંકવાદી ઘટનાઓ બને છે. અનેક પ્રકારની ભાંગફોડની પ્રવૃત્તિમાં પણ પાકિસ્તાનપ્રેરિત જૂથોની ભૂમિકા હોય છે.

આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આજે અજબની ગૂંચવણો છે. ચીન અને રશિયા સુપર પાવર તરીકે એકમેકના હરીફ છે. એમની વચ્ચે શત્રુભાવ છે. આ બંને દેશ પાકિસ્તાનના આશ્રયદાતા છે. ચીન અને રશિયા વચ્ચે દોસ્તી છે તો ભારત અને રશિયા વચ્ચે દીર્ઘસમયથી ગાઢ મૈત્રી છે, પણ ચીન અને ભારત વચ્ચે અવિશ્વાસ અને તનાવ છે. આમ છતાં ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર સૌથી વધારે ચીન સાથે છે. મોદી સરકારના કાળમાં મોટા ભાગના ઈસ્લામિક દેશોના ભારત સાથેના સંબંધો ખૂબ સુધર્યા છે. સાઉદી અરેબિયા, યુ.એ.ઈ., ઈજિપ્ત, મસ્કત, કતાર વગેરેએ વડાપ્રધાન મોદીનું ઉમળકાભેર સ્વાગત કરી સહયોગ ને કરાર કરી તેમને રાષ્ટ્રીય સન્માનો આપ્યાં છે. આમાંનાં ઘણાં રાષ્ટ્રો પાકિસ્તાનની કંગાળ આર્થિક સ્થિતિમાં તેને નોંધપાત્ર નાણાકીય મદદ કરે છે.

દરેક દેશના અન્ય દેશોના સંબંધો ખૂબ ગૂંચવાયેલા છે. તુર્કિયે જેવો દેશ વિના કારણ ભારતને નુકસાન કરવા પાકિસ્તાનને શસ્ત્રો આપે છે. ભારત માટે ક્યા દેશ સાથે કેટલી મિત્રતા રાખવી ? કેટલો વેપાર કરવો ? કેટલી છૂટછાટ આપવી ? જેવા પ્રશ્નો જટિલ બન્યા છે.

માલદીવમાં સત્તાપરિવર્તન સાથે ભારત વિરોધી ઝુંબેશના અગ્રણી તે દેશના પ્રમુખને ટૂંક સમયમાં સમજાયું છે કે ભારત સાથેની મિત્રતા દરેક રીતે લાભદાયી છે. કમનસીબે અન્ય પાડોશી દેશો જેવા કે બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર, નેપાળ વગેરેમાં ભારત વિરોધી માહોલ બનાવવામાં અન્ય દેશો સામેલ છે. પાડોશીઓ સાથે સારા સંબંધ રાખવા ભારત ઉત્સુક છે, પણ તેને યોગ્ય પ્રતિસાદ મળતો નથી.

કોરોનાના કહેર સામે રક્ષણ માટે ભારતે વિકસાવેલી કોરોનાની રસી ૧૦૦ જેટલા દેશોને નિઃશુલ્ક કે રાહતદરે આપી ભારતે વિકસતા દેશોમાં ખૂબ મોટી ગુડવિલ ઊભી કરી છે. ભૂકંપમાં નોંધપાત્ર સહાય કર્યા બાદ નેપાળ અને તુર્કિયેએ તેનો આભાર વ્યક્ત કરવાને બદલે ભારત વિરોધી વલણ અપનાવ્યું છે. ભારતની માથાદીઠ આવક ઓછી છે, પરંતુ તેની કુલ જી.ડી.પી. (રાષ્ટ્રીય ઉત્પાદન) ખૂબ વધી છે. ભારત વિશ્વનું ચોથું મોટું અર્થતંત્ર છે.

હવે અન્ય દેશો ભારતની અવગણના કરી શકે તેમ નથી. ઑપરેશન સિંદૂરમાં ભારતે વાપરેલાં ટૅક્નિકલ અને ડિજિટલ શસ્ત્રોના કારણે ઘણા દેશોને ભારત સુપરપાવર થશે તેવી ચિંતા પેઠી છે. અમુક દેશોએ ભારત પાસેથી શસ્ત્રો ખરીદવા ઈચ્છા દર્શાવી છે.

ભારતની રાજનીતિ માટે સૌથી પ્રથમ તો તમામ સમૃદ્ધ અને શક્તિશાળી દેશો સાથે સંતુલિત સંબંધો જાળવવાનો પડકાર છે. એકમાત્ર રશિયા ૧૯૫૪થી કુશ્ચેવ બુલ્ગાનની ભારત મુલાકાત બાદ સાતત્યપૂર્ણ રીતે મદદગાર મિત્ર રહ્યું છે. તાજેતરમાં રશિયાએ સ્પષ્ટ વિધાન કર્યું કે અમારા ભારત સાથેના સંબંધો વિશેષ છે અને તેમાં બીજા દેશો કોઈ ગેરસમજ કે અંતર ઊભું નહીં કરી શકે.

ભારત માટે બીજો મહત્ત્વનો મુદ્દો અમેરિકા સાથેના સંબંધો કેમ સમધારણ કરવા તે છે. ચીનની જેમ અમેરિકા બોલે છે કાંઈક અને કરે છે કાંઈક. આપણા અણુ અને અવકાશક્ષેત્રની પ્રગતિ રોકવા માટે ૩૦૦થી વધારે વૈજ્ઞાનિકોના કમોતના લોહીથી અમેરિકાના હાથ રંગાયેલા છે. અમેરિકા સુપરપાવર છે, પણ અતિશય સ્વકેન્દ્રિત અને સ્વાર્થી દેશ છે તેથી તેની સાથેના સંબંધો ખૂબ નાજુક અને ચિંતાજનક રહેવાના છે.

ભારત માટે ત્રીજી મહત્ત્વની બાબત એ છે કે ચીન અને પાકિસ્તાન સાથે મળીને અહિત માટે સક્રિય છે ત્યારે ચીન-પાકિસ્તાનના સંબંધોમાં ઓટ આવે તે માટે ચીનની સાથે યોગ્ય સમાધાન કરી ચીનની બજાર ભારતીય માલ માટે ખૂલે તેવા પ્રયત્ન જરૂરી છે. આ ઉપરાંત કંગાળ બનેલા પાકિસ્તાનની સાન ઠેકાણે આવે તે માટે તેનો સંપૂર્ણ બહિષ્કાર અને કડક નીતિ દ્વારા જ તેને ખ્યાલ આવશે કે તેના માટે ભારતની દુશ્મનાવટ હાનિકારક છે.

ભારત માટે ચોથી ચિંતા છે કે પાડોશી દેશો સાથે સંબંધો કેમ સુધરે ? આપણે રૂપિયાના માધ્યમથી આ દેશો સાથે મુક્ત વ્યાપાર કરાર કરી શકીએ તોપણ સમગ્ર ચિત્ર બદલાઈ શકે છે. ભારતની અનેક વસ્તુઓ વાજબી ભાવે મળે તો પાડોશી દેશોનો આર્થિક વિકાસ ઝડપી બને તેમ છે. પાડોશીમાં ભારતના ઈરાદા અંગે ગેરસમજણ છે અને ભારતની શક્તિના કારણે ડર અને અવિશ્વાસનું વાતાવરણ છે. આ માહોલમાં સંવાદથી પરિવર્તન લાવવું જરૂરી છે.

ભારતીય રાજનીતિ માટે પાંચમો પ્રશ્ન એ છે કે ભારત એશિયાના, આફ્રિકાના અને લૅટિન અમેરિકાના અનેક દેશો સાથેના વેપારમાં નોંધપાત્ર વૃદ્ધિ કરી શકે છે. આ દિશાના પ્રયાસો ઘનિષ્ઠ રીતે હાથ ધરવા જરૂરી છે.

ભારતની રાજનીતિ સમક્ષ જેટલા ગંભીર પડકારો છે, તેટલા જ માતબર અવસરો પણ છે. ધીરજ અને કુનેહથી સાંપ્રત સંજોગોમાં થનાર પરિવર્તન ધ્યાને રાખીને નિર્ણયો થશે, તો ભારત આજની અગ્નિપરીક્ષા તો સુખરૂપ પાર કરશે પણ ઝડપથી આર્થિક અને લશ્કરી મહાસત્તા બની શકશે. હવે ભારતનો યુગ શરૂ થઈ ચૂક્યો છે. આપણે સજાગ રહીશું તો તેને કોઈ રોકી નહીં શકે.

વિજ્ઞાન

# દીવો અને મીણબત્તી

ચિંતન ભટ્ટ

આપણા દેશમાં દરેક જગ્યાએ ઊજવાતા તહેવાર દિવાળી કે દીપાવલીનું નામ પડતાં જ આપણા મન-વિશ્વમાં દીવડાની રોશની, રંગોળી, ફટાકડા, મીઠાઈ વગેરે ઊપસી આવે છે. દીવડાનું સ્થાન આજે ટચૂકડી એલઈડીએ લઈ લીધું છે છતાં પણ શુકનના દીવડા સિવાય આપણને ચાલતું નથી. આ અવની પરનો સૌપ્રથમ માનવસર્જિત પ્રકાશ સ્રોત છે  દીવો. આપણે જાણીએ છીએ કે માનવને પાંચ ઇન્દ્રિયોનું વરદાન છે સાથે સાથે તેને શક્તિશાળી મગજની પણ ભેટ મળી છે. માનવીની એક ઇન્દ્રિય છે આંખ. હા, બધા જ જીવોને આંખ હોય જ તે જરૂરી નથી. સાગરને તળિયે પાંગરતી જીવસૃષ્ટિ સુધી સૂર્યકિરણો પહોંચી શકતાં નથી. આ જીવસૃષ્ટિ માટે આંખ બિનઉપયોગી ઇન્દ્રિય સાબિત થાય માટે તેમને આંખ હોતી નથી. ધરતી પર વસતા અને પાણીના ઉપરના સ્તર સુધી વિચરતા જળચરો સૂર્યકિરણોના સીધા કે આડકતરી રીતે સંપર્કમાં આવે છે. સૂર્યકિરણ એટલે ગરમી, સૂર્યકિરણ એટલે વિટામિન ડી, સૂર્યકિરણ એટલે પારજાંબલી કિરણો, સૂર્યકિરણ એટલે પ્રકાશ; આમ અનેક રીતે આપણે સૂર્યકિરણની લાક્ષણિકતાઓને ઓળખીએ છીએ. પ્રાણીજગત સૂર્યપ્રકાશ અને આંખથી કુદરત સાથે અનુકૂલન સાધે છે, પરંતુ પોતાની ધરી પર ફરતા પૃથ્વીના ગોળાનો જે ભાગ સૂર્ય સામે હોય ત્યાં જ આ સૂર્યપ્રકાશ મળે છે. માટે કેટલાંય પ્રાણીઓ સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમિયાન જ સક્રિય રહેતાં હોય છે. અંધારું થતાં જ તેઓ સલામત જગ્યા શોધી સૂઈ જાય છે. પ્રકાશની ગેરહાજરીમાં ‘છતી આંખે આંધળા’ થઈ જવાય છે. આદિમાનવ પણ સૂર્યની હાજરીમાં જ સક્રિય રહેતો હશે. પ્રાણીજગતમાં સૌથી શક્તિશાળી મગજ ધરાવતા આદિમાનવે કુદરતનાં રહસ્યોને પામવા ચિંતન શરૂ કર્યું; કુદરતી પ્રક્રિયા અને તત્ત્વોનાં તલસ્પર્શી અવલોકનોના આધારે તેણે પ્રયોગો શરૂ કર્યા. સૂકી ડાળીઓનું પવનને લીધે થતું ઘર્ષણ, આકાશી વીજળી પડવી, સૂર્યની પ્રગાઢ ગરમી જેવાં કુદરતી પરિબળોને લીધે ઉત્પન્ન થયેલી આગની ઘટનાના અવલોકનના પરિણામે માનવી  સ્વપ્રયત્ને ધરા પર સૂર્યના અંશ જેવો અગ્નિ ઉત્પન્ન કરવામાં સફળ રહ્યો. અગ્નિના આવિષ્કાર સાથે પૃથ્વી પર માનવસર્જિત ગરમી અને પ્રકાશનું અવતરણ થયું. અન્ય પ્રાણીઓથી રક્ષણ મેળવવા માટે તેમજ સૂર્યની ગેરહાજરીમાં અજવાળું કરવા માટે આગના અજવાળાનો ઉપયોગ થવા લાગ્યો. માનવસર્જિત પ્રકાશની હાજરીથી તેની સક્રિયતા વધી અને અન્ય પ્રાણીઓ પર તેમજ કુદરતનાં તત્ત્વો પર આધિપત્ય સ્થાપવા તત્પર બન્યો અને કેટલેક અંશે તેને સફળતા પણ મળી. પ્રકાશની ઉપયોગિતાનો સ્વાદ ચાખેલા માનવે પ્રકાશ ઉત્પન્ન કરી શકે તેવા કાર્યક્ષમ સ્રોતના વિકાસ માટે કમર કસી.

જીવનમાં પા પા પગલી ભરતો માનવ સ્વપ્રયત્ને ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરવામાં સફળ રહ્યો અને અગ્નિની ગરમી સાથે માનવસર્જિત  પ્રથમ પ્રકાશસ્રોત અસ્તિત્વમાં આવ્યો. આ માટે ઈંધણ તરીકે સૂકી વનસ્પતિનો ઉપયોગ થતો. આ સમગ્ર પ્રક્રિયાથી ઉત્પન્ન થતો પ્રકાશસ્રોત એક જગ્યાએ રહેતો હતો.  પ્રકાશસ્રોતને હેરવીફેરવી શકાતો ન હતો કે નાની જગ્યામાં ગોઠવી શકાતો ન હતો. આવી ખૂબ જ સ્વાભાવિક મર્યાદાઓને લીધે આદિમાનવ પ્રકાશ ઉત્પન્ન કરવા માટે વૈકલ્પિક પ્રક્રિયા અજમાવતો રહ્યો અને લાંબા સંઘર્ષ પછી કોડિયું અસ્તિત્વમાં આવ્યું. જોકે એ સ્પષ્ટ નથી કે ક્યાં અને ક્યારે માનવી પ્રકાશ માટે સૂકી વનસ્પતિનાં તાપણાંથી તૈલીય પદાર્થના દીવા તરફ વળ્યો.



**વહેલના તેલનો દીવો - જર્મની (અઢારમી સદી)**

માનવામાં આવે છે કે કોડિયાં લગભગ પંચોતેર હજાર વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યાં હશે. એ સમયે કોઈ પણ ટૅક્નૉલૉજીનો વિકાસ થયો ન હતો માટે કુદરતી રીતે ઉપલબ્ધ સામગ્રીને જ કોડિયા તરીકે ઉપયોગમાં લેવામાં આવી હતી. આમ છીપલાં કે પોલા પથ્થરના કોડિયાના દીવાએ આ ધરાને સૌપ્રથમ અજવાળી. આજે તો માટીથી લઈને વિવિધ ધાતુનાં કલાત્મક કોડિયાં ઉપલબ્ધ છે. હા, લગભગ વીસેક હજાર વર્ષ પૂર્વેનું સૌથી જૂનું કોડિયું ફ્રાન્સની ગુફામાંથી મળી આવ્યું છે. આ કોડિયું રેતિયા પથ્થરનું બનેલું છે. દીવાનો પ્રકાશ મેળવવા માટે  તેલ, ઘી, પ્રાણીજ ચરબી, મીણ, માછલીનું તેલ જેવા સ્નિગ્ધ પદાર્થો બળતણ તરીકે વપરાય છે. શરૂઆતમાં સૂકવેલા શેવાળની વાટ બનતી હતી જે હવે રૂની બને છે. મશાલ પણ દીવાની જ સુધારાવધારા કરેલી આવૃત્તિ છે. એ જમાનામાં મશાલ તો દૂર સંદેશાવ્યવહાર માટે પણ વપરાતી હતી. દીવો એક એવો માનવસર્જિત પ્રકાશસ્રોત છે જેનું  આજ સુધી અસ્તિત્વ ટકી રહ્યું છે. આ જગતની કદાચ તે એવી પહેલી વસ્તુ હશે જેનું જથ્થાબંધ ઉત્પાદન કરવામાં આવ્યું. સમયની સાથે તેલના દીવાના આકારમાં અને તેને બનાવવા માટે વપરાતા દ્રવ્યમાં  ઘણી ઉત્ક્રાંતિ આવી. જોકે કેરોસીનના પ્રકાશસ્રોતની શોધ સાથે દીવાનો પ્રકાશસ્રોત તરીકેનો ઉપયોગ નહિવત્  થઈ ગયો. પરંતુ આજે પણ તેનું સ્થાન મંદિરોમાં અને શુભ પ્રસંગોએ અકબંધ છે. ચાલો, હવે દીવાનું વિજ્ઞાન જાણવાનો પ્રયત્ન કરીએ.

દીવામાં વપરાતું ઈંધણ સામાન્ય તાપમાને પ્રવાહી હોય છે અને સામાન્ય કરતાં થોડા જ ઊંચા તાપમાને સળગી ઊઠે છે. આ દહનને લીધે ગરમી અને પ્રકાશ મળે છે. ઘણી વખત તેમાં ઘી જેવો અલ્પ ઘન પદાર્થ પણ વપરાય છે, પણ તેનું તાપમાન સહેજ વધતાં જ તે પ્રવાહી બની જાય છે. દહન માટે વપરાતાં દ્રવ્યોમાં કાર્બન એક મુખ્ય તત્ત્વ હોય છે. દીવાની વાટમાં વપરાતો પદાર્થ કેશાકર્ષણનો ગુણ ધરાવે તેવો હોય  છે. કેશાકર્ષણને લીધે કોડિયામાં ભરેલું ઈંધણ વાટમાં ઉપર સુધી પહોંચે છે. જ્યારે વાટને ઉપરથી ગરમ

કરીએ ત્યારે ઉપર સુધી પહોંચેલા ઈંધણનું તાપમાન પણ વધે છે અને સળગી ઊઠે છે. જ્યોતની થોડેક જ નીચે તાપમાન સામાન્ય હોય છે માટે જ્યોતનો અગ્નિ નીચે સુધી પહોંચી કોડિયામાં ભડકો કરતો નથી. કેશાકર્ષણને લીધે ઈંધણનો પુરવઠો સતત મળતો જ રહેવાથી વાટ પોતે નથી સળગી જતી, પરંતુ ઈંધણ બળતું રહે છે. વધુ પ્રકાશ માટે વધુ વિસ્તારવાળી વાટ હોવી જોઈએ જેથી વધુ વિસ્તારમાં દહન થઈ મોટી જ્યોતથી વધુ પ્રકાશ મળે. આ માટે પાતળી અને ચપટી વાટનો ઉપયોગ કરવામાં આવતો હતો. પ્રકાશની માત્રા માપવાનું એકમ છે 'લુમેન'. એક ઉદાહરણ લઈએ તો નવ વૉટનો એલઈડી બલ્બ ૮૦૦ લુમેન પ્રકાશ આપે છે અને દીવા કે મીણબત્તીની જ્યોત ફક્ત ૧૩ લુમેન પ્રકાશ ઉત્સર્જિત કરે છે. મીણબત્તીની કાર્યક્ષમતા એટલે કે જેટલી ઊર્જા ખર્ચીએ તેના પ્રમાણમાં મળતું વળતર ફક્ત ૦.૧૬/વૉટ જ છે. આપણા શરીરનું સામાન્ય તાપમાન ૩૭ ડિ.સે. હોય છે, જ્યારે દીવાની જ્યોતનું સરેરાશ તાપમાન ૧૦૦૦ ડિ.સે. હોય છે, જેના પરથી ગરમી રૂપે વેડફાતી ઊર્જાનું અનુમાન કરી શકાય છે.

દીવાનું એક બીજું વિકસિત સ્વરૂપ એટલે મીણબત્તી. તેમાં મીણ કે ટેલો જેવો ઘન દહનશીલ પદાર્થ વપરાતો હોવાથી દીવાની જેમ તેલ ઢોળાઈ જવાનો ભય રહેતો નથી. મીણબત્તીનું પગેરું વીસ હજાર વર્ષ પૂર્વે ચીનમાંથી મળે છે. આ મીણબત્તી વહેલની ચરબીમાંથી બનાવવામાં આવી હતી. આ સમયે કુદરતી ચરબી, ટેલો અને મીણમાંથી યુરોપમાં મીણબત્તી બનાવવામાં આવતી હતી. તેરમી સદીમાં યુરોપમાં આ કળા ખૂબ ખીલી ઊઠી હતી. મધમાખીના મીણની બત્તી ધુમાડારહિત ચોખ્ખો પ્રકાશ આપતી. પ્રાણીજ ચરબીની મીણબત્તી જેવી દુર્ગંધ મધમાખીના મીણની બત્તીમાંથી આવતી ન હતી. જોકે તે ખૂબ મોંઘી હોવાથી ઘરમાં રોશની કરવા માટે તે અમીરોને જ પોસાતી હતી. હા, દેવળોમાં તેનું સ્થાન જરૂર હતું. અઢારમી સદીમાં વહેલના તેલથી ઉત્તમ મીણબત્તી બનતી હતી, પરંતુ સદીના અંતમાં વનસ્પતિજન્ય તેલનો (કોલ્ઝા અને સરસવ) ઉપયોગ થવાથી ઉત્તમ અને સોંઘી મીણબત્તી સૌને પોસાવા લાગી. સમગ્ર વિશ્વમાં પ્રદેશ પ્રમાણે વિવિધ ઈંધણનો ઉપયોગ થતો હતો. ભારતમાં તજના તેલનો પ્રકાશસ્રોત અસ્તિત્વમાં આવ્યો હતો. ૧૮૫૦માં સ્કોટિશ રસાયણશાસ્ત્રી જેમ્સ યંગે (૧૮૧૧-૧૮૮૩) કોલસામાંથી તેમજ ધરતીમાં ધરબાયેલા છિદ્રાળુ વાદળી જેવા તેલ ભરેલા પોચા ખડકોમાંથી પૅરાફિન નિસ્યંદન કરવાની રીત શોધી જેને પગલે પૅરાફિન વૅક્સમાંથી ઉત્તમ ગુણવત્તાની પણ સૌને પરવડે તેવી સુંદર અને સુગંધયુક્ત મીણબત્તી બનવા લાગી જે આજ સુધી પ્રચલિત છે.

માનવીય પ્રયત્નો તેમજ ટૅક્નૉલૉજીના વિકાસને કારણે વધુ કાર્યક્ષમ પ્રકાશસ્રોતોનું આગમન થયું. તેમાં ફાનસથી લઈને આજના એલઈડી સુધીના પ્રકાશસ્રોતો નજર સમક્ષ આવે છે. ફાનસ હોય કે એલઈડી - દરેક યુગમાં દીવડાએ પોતાનું વિશિષ્ટ સ્થાન જાળવી રાખ્યું છે. આપણી સંસ્કૃતિ સાથે દીવો વણાઈ ગયો છે. જ્યારે સામૂહિક રીતે પોતાની સમસંવેદનાભરી લાગણી રજૂ કરવા માટે પણ હાથમાં પ્રજ્વલિત મીણબત્તી લઈ ગંતવ્ય સ્થાને સરઘસ આકારે જવાનો ચાલ પણ દેશવિદેશે પ્રચલિત છે. આસ્થાના પ્રતીક જેવા દીવા કે મીણબત્તીએ પોતાનું સ્થાન અકબંધ રાખ્યું છે.

પ્રવાસ

# અગસ્ત્ય ઋષિને પગલે પગલે

ભારતી રાણે

અમારી ગતિ તો હતી ઈન્ડોનેશિયા સ્થિત બાલી ટાપુ તરફ, પણ મન ઉપર મુનિ અગસ્ત્ય છવાયેલા હતા ! આકાશદીપના પથદર્શને કાળના સીમાડા વળોટી જીવનના શાશ્વત ધર્મનો મર્મ પામવા ખભા પર ફરશી રાખી, હાથમાં ધનુષ્યબાણ ઝાલી, ધ્યેયમાર્ગ પર ચાલ્યા જતા અગસ્ત્ય; આર્યાવર્તની પ્રબળ અને પાવનકારી સંસ્કૃતિને દક્ષિણ તરફ વહેતી કરનાર અગસ્ત્ય; વિંધ્યાચળને નમાવી દક્ષિણપથ પર આગળ વધતાં વધતાં કન્યાકુમારીના ઘાટે ઊભા રહી સમુદ્રને તાગવા મથતા અગસ્ત્ય; કુંભાકાર સમુદ્રયાન બનાવી તેમાં દરિયો ખેડતા, દરિયાખેડુઓના આદ્યપિતા અગસ્ત્ય; જાવા, સુમાત્રા, બાલી, બર્મા, કંબોડિયા, બૉર્નિયો જેવાં અનેક સ્થળોમાં નિવાસ કરીને અખંડિત સંસ્કૃતિનાં નંદનવન ખીલવતા અગસ્ત્ય; એક વખત છોડી દીધેલા સ્થાન પર ફરી ક્યારેય પાછા ન ફરનાર - નિત્યપ્રવાસી અગસ્ત્ય.

આપણી સંસ્કૃતિનાં તથા પુરાણોનાં અભ્યાસી લેખિકા શ્રી હિમા યાજ્ઞિક ‘આપણા મહાન ઋષિઓ’ પુસ્તકમાં લખે છે કે, ‘‘પ્રવાસ અને તેનું મહત્ત્વ આપણી સંસ્કૃતિને ગળથૂથીમાંથી જ સમજાયું છે. આપણી પ્રાદેશિક બોલી જુઓ કે સંસ્કૃત સાહિત્યની શિષ્ટ વાણી જુઓ, તીર્થાટનની યશોગાથા ગવાતી જ રહી છે. આવી ઉત્તમ ફળદાયી પ્રવાસ-પરંપરાનાં મૂળ શોધવા પ્રયાસ કરીએ તો ધીરે ધીરે કરતાં આપણે છેક અગસ્ત્ય પાસે આવીને અટકી શકીએ. અગસ્ત્ય કરતાંય આગળના સમયમાં કોઈ પ્રવાસી થયા હોય તો તેનું પગેરું મળતું નથી, માટે તો અગસ્ત્ય ‘પ્રથમ મહાપ્રવાસી’ કહેવાયા છે.’’ આમ વિશ્વના આ પ્રથમ મહાપ્રવાસીના સ્મરણ સાથે અમે બાલીમાં પ્રવેશ કર્યો.

બાલીનાં મંદિરો સુંદર હતાં. ત્યાંનો સમુદ્રતટ પણ સુહાવનો હતો. ત્યાંનો પર્વતીય વિસ્તાર અને ત્યાં છવાયેલાં વન પણ નયનરમ્ય હતાં મુખ્ય ટાપુની આસપાસના સમુદ્રમાં સફર કરીને દૂર વસેલા દ્વીપોમાં રહીને એ સ્થાનોનો પરિચય પણ કર્યો. બધું જ મનભાવન હતું, પણ કોઈ મને જો પૂછે કે, બાલીમાં તને શું સૌથી વધારે ગમ્યું કે સ્પર્શ્યું ? તો હું બેધડક કહી શકું કે ત્યાંના મૂળ નિવાસીઓનાં ઘરો ! બાલીના રસ્તાઓ પરથી પસાર થતાં નજર પ્રત્યેક ઘરના પ્રાંગણમાં શોભતાં દેવસ્થાનો પરથી હટતી નહોતી.

રસ્તા પરથી જોઈએ તો પ્રથમ ઘરની ફરતે બાંધેલી પથ્થરની દીવાલ દેખાય, જેમાં એક કલાત્મક દ્વાર હોય, જેની કમાન ઉપર અથવા બાજુમાં રાક્ષસ જેવા દ્વારપાળની આકૃતિ કોતરેલી દેખાય. વાડાની અંદર એક ચોક્કસ ખૂણે પાંચેક સ્તંભાકાર સ્થાનકોનો સમૂહ ધ્યાન ખેંચે. ઓટલા જેવા જરાક ઊંચા સ્થાન પર મૂકેલાં પથ્થરોમાં કોરેલાં અથવા ઈંટથી બાંધેલાં આ સ્તંભ જેવાં દેવસ્થાનોમાં મધ્યસ્થ સ્થાનક જરાક મોટું, પહોળું, અને



ચારે તરફ ખૂલતું હોય છે. એની ફરતે કલાત્મક સ્તંભ ઉપર નાની ઝૂંપડી જેવું છાપરું પાડેલાં, થોડાં પાતળાં, એક તરફ જ ખૂલતાં હોય તેવાં ચારેક સ્થાનક દેખાય. ચારે બાજુ ખૂલતું મધ્યસ્થ મોટું સ્થાન ત્રિદેવ - બ્રહ્મા, વિષ્ણુ તથા શિવને સમર્પિત હોય છે. બ્રહ્મા વિશ્વના સર્જક, વિષ્ણુ વિશ્વને ચલાવનાર તથા શિવને વિનાશકર્તા એટલે કે વિશ્વને વિનાશથી સ્વચ્છ કરીને નવસર્જન માટે તૈયાર કરનાર તરીકે પૂજવામાં આવે છે. ઇન્ડોનેશિયન હિંદુ ધર્મમાં સર્વોચ્ચ દેવતાને સાંગ હયાંગ વિધિ વાસા અથવા સાંગ હયાંગ તુંગ્ગલ (દૈવી એકત્વ) કહે છે. ઈશ્વરના અસ્તિત્વનું વર્ણન કરતું નામ અચિંત્ય પણ પ્રચલિત છે. અર્થાત્ ઈશ્વર જે સૌથી ઊંચો છે, જે એકરૂપ છે અને જે કલ્પનાતીત છે, તેની અહીં પૂજા થાય છે. લોકો એમ પણ માને છે કે, સ્થાનકની ડાબી બાજુ સ્ત્રીશક્તિ એટલે કે દેવીઓનું તથા જમણી બાજુ પુરુષશક્તિ અર્થાત્ દેવોનું પ્રતિનિધિત્વ કરે છે.

મુખ્ય સ્થાનકની આસપાસનાં પાતળાં સ્થાનકોમાં ત્રણ અગત્યનાં સ્થાન જોવા મળે છે. જેમાંથી એકને કેમુલાન અર્થાત્ પૂર્વજોનું સ્થાનક કહે છે. અહીં લોકો પિતૃઓનાં નામ યાદ રાખવામાં માનતા નથી, પણ પૂર્વજોના સમગ્ર આત્માને સામૂહિક પૂજે છે. લોકો માને છે કે, પૂર્વજોનો આત્મા હિતચિંતક હોય છે, મુશ્કેલીમાં તેનું આહ્‌વાન કરી શકાય છે અને સન્માર્ગે ન ચાલનાર પર આ શક્તિ કોપાયમાન પણ થઈ શકે છે. દિવંગત આત્માના આ સંચયને તેઓ દેવા હયાંગ, પિતરા હયાંગ અથવા ભાતારા હયાંગના નામથી ઓળખે છે. દરેક ઘરમાં તેનું સ્થાનક હોય જ છે.

બીજું સ્થાનક રાતુ નુગરાહનું હોય છે. રાતુ નુગરાહ એટલે કે મહાન નિરીક્ષક - મનુષ્યની દરેક ગતિવિધિ પર નજર રાખનાર. આ સ્થાનકની હાજરીને કારણે ઘરમાં આવતાં કે જતાં વ્યક્તિ પોતાની વાણી તથા વર્તન પ્રત્યે સજાગ થઈ જાય છે.

ત્રીજા સ્થાનકનું નામ છે - પેલિંગ્ગીહ તક્સુ. તક્સુ દરેક વ્યક્તિના હુન્નર તથા વ્યવસાયના દેવતા છે. અહીંના હિંદુઓ માને છે કે, દરેક વ્યક્તિ કોઈ એક પ્રતિભા અથવા કોઈ એક હુન્નરમાં નિપુણતા લઈને જન્મે છે. જેને અહીં ગુના (ગુણ) અથવા તક્સુ કહે છે અને એમ માનવામાં આવે છે કે, ઘરમાં રહેનારની તક્સુ આ દેવસ્થાનમાં નિવાસ કરે છે. પોતાનામાં રહેલી ક્ષમતાની પૂજા થતી પહેલી વાર જોઈ. સાથે સાથે પ્રજાનો જીવનલક્ષી અભિગમ પણ સમજાયો. દરેક સ્થાનો ઉપર મૂર્તિ જોવા ન મળી. અનેક સ્થાનો પર મૂર્તિને બદલે ખાલી સિંહાસન જેવું કોરેલું દેખાતું. કદાચ એને પદ્માસન કહે છે.

ફરતાં ફરતાં એમ પણ જાણવા મળ્યું કે, દરેક ઘરના કાજા કાંગીન ખૂણે અર્થાત્ પૂર્વસ્થિત પવિત્ર જ્વાળામુખી ગુનુંગ અગુંગની દિશામાં આ ઘરમંદિરની સ્થાપના કરવામાં આવે છે. નીચી મનાતી જાતિઓમાં આ સ્થાનો સંગાહ કહેવાય છે, જ્યારે ઉચ્ચ મનાતી જ્ઞાતિના લોકો પોતાનાં ઘરેલુ દેવસ્થાનોને મેરાજાન અથવા પમેરાજાન કહે છે. આર્થિક સગવડ અનુસાર આ સ્થાનો નાનાં કે મોટાં હોઈ શકે, પણ એની જાળવણી, અર્ચના તથા સ્વચ્છતા બધે જ સરસ રીતે જળવાતી દેખાય. આવાં સ્થાનકો પર રોજ સવારે નાળિયેરીના પાનમાંથી અથવા કેવડા જેવાં ઊજળાં પાનમાંથી બનાવેલી નાનકડી ચોરસ ટોપલીઓમાં ફૂલ, ફળ અને અગરબત્તી મૂકીને અર્ઘ્ય ચડાવેલો દેખાય. વિશાળ રિઝૉર્ટમાં પણ આવાં અનેક દેવસ્થાનો હોય. અમારા રિઝૉર્ટનું નામ હતું દ્વારિકા ! રિઝૉર્ટની કાર્યકર બહેનો રોજ સવારે સૂપડા જેવી મોટી શણગારેલી છાબમાં અર્ઘ્યની ટોપલીઓ લઈને દરેકેદરેક દેવસ્થાન પર મૂકવા જતી દેખાતી. તમામ દેવસ્થાનો પર ભેજનો પાસ તથા વરસોની પરતો ચડતાં શામળાં દેખાય. પણ એ કાળાશ એની સુંદરતાને બિલકુલ ઢાંકતી કે હણતી હોય તેવું ન લાગે. પ્રાંગણમાં દેવસ્થાનના ઓટલા સિવાયના ભાગમાં બગીચો હોય, જેમાં ચંપાનાં ફૂલોનો છોડ અવશ્ય હોય. અહીં ચંપાનાં ફૂલોનું અનેરું મહત્ત્વ જણાયું. દેવસ્થાનનું મોં રસ્તા તરફ નહીં, પણ ઘર તરફ હોય અને પ્રાંગણમાં પાછળ ઊભેલાં ઢળતાં છાપરાંવાળાં પુરાણી ઢબનાં સાદાં ઘરો પણ ખૂબ સોહામણાં લાગે. નજારો એટલો સરસ લાગે કે, નજર એના પરથી હટે જ નહીં. ઘરોની હાર તોડીને વચ્ચે બાંધેલી દુકાનો આંખને ખૂંચે. વિચાર આવે કે, જ્યારે આખુંય ગામ, એની તમામ ગલીઓ અને મહોલ્લા આવાં ઘરોથી છવાયેલાં હશે, ત્યારે કેટલું અપાર્થિવ વાતાવરણ સર્જાતું હશે!

બાલીમાં રસ્તાઓ સાંકડા છે તથા એના પર પ્રવાસીઓને ફેરવતાં વાહનોનું ભારણ વધી જતાં એક સ્થળથી બીજાં સ્થળ સુધી પહોંચતાં સારો એવો સમય લાગતો હતો. એનો ચોખ્ખો ફાયદો એ થયો કે, ત્યાંનાં ઘરોને તથા જનજીવનને નિરાંતે નીરખવાની તક મળી. અનેક જગ્યાએ પથ્થરો તથા લાકડા પર કોતરણી થતી જોવા મળતી. ક્યાંક હનુમાન, ગણપતિ વગેરેની મૂર્તિઓ ઘડાતી પણ દેખાતી. બાલી ઉપર ભૂતકાળની ગાઢ છાયા છવાયેલી દેખાય, સાથે સાથે પોતીકી કહી શકાય, પરંતુ જેને પામવા માટે પ્રયાસ

કરવો પડે તેવી અનેક રીતે અલગ મુદ્રા ધરાવતી સંસ્કૃતિનો આવિષ્કાર તથા પરિચય થાય, અને આ તમામના સંવાહક અગસ્ત્ય ઋષિ હતા એ વાતે રોમાંચક ગૌરવ અનુભવાય.

ઇન્ડોનેશિયા આમ તો મુસ્લિમ દેશ છે. અહીં હિંદુઓ લઘુમતી કોમ તરીકે વસ્તીનો આશરે બે ટકા જેટલો હિસ્સો ધરાવે છે. પરંતુ આ બાલી ટાપુમાં સત્યાશી ટકા વસ્તી હિંદુઓની છે. સદીઓથી અહીં વસેલી આ પ્રજા અણમોલ સાંસ્કૃતિક વારસો સાચવીને બેઠી છે. એનું શ્રેય અગસ્ત્ય ઋષિને જાય છે. પાશ્ચાત્ય સંશોધકોનું માનવું છે કે, હિંદુત્વનું ગમન અહીં ઈસવી સનની પહેલી સદીમાં થયું. પરંતુ અગસ્ત્યમુનિના આગમન સાથે એને જોડીએ તો ઈ.સ. પૂર્વે એક હજાર સુધી જવું પડે. આમ હિંદુ ધર્મનાં મૂળ અહીં પાશ્ચાત્ય ઇતિહાસકારો માને છે તેનાં કરતાં ક્યાંય ઊંડાં છે. અગસ્ત્ય મુનિ અહીં પૂજાય છે. જાવામાં પણ તેમનો પ્રભાવ છે. એમનું ત્યાં હોવાનું પ્રમાણ અગિયારમી સદીમાં જાવાનીઝ ભાષામાં લખાયેલ ગ્રંથ 'અગસ્ત્ય પર્વ'માં મળે છે. ફિલૉસૉફી, માઇથૉલૉજી તથા જીનૉલૉજીને આવરતું આ પૈરાણિક લખાણ ગુરુ અગસ્ત્ય સાથે તેમના વિદ્યાર્થી એવા પુત્ર સાથેના સંવાદ રૂપે લખાયેલું છે. એમનાં પુસ્તકમાં હિમાબહેન લખે છે કે, 'ધારણા રાખવામાં આવે છે કે, જાવા અગસ્ત્યનું છેલ્લું થાણું હશે. ત્યાં સંસ્થાન સ્થાપવા તેમણે કલિંગ દેશથી કેટલાંક કુટુંબોને તથા રાજકુમારોને જાવા તેડાવ્યાં હતાં. મહાભારતનું તેમણે જાવાની ભાષામાં ભાષાંતર કરાવ્યું. જાવામાં તેઓ ભગવાન વાલયંગ, ઉપરાંત શિવગુરુ અથવા તો ભટ્ટારકગુરુના નામથી પૂજાય છે. જાવાથી તેઓ પાછા ફર્યા નથી. અગસ્ત્ય ખરા ને ? એમને તો જ્યાં થાણું ત્યાં સ્વદેશ !' પ્રવાસના પ્રથમ ચરણે મુનિ અગસ્ત્યને પ્રણામ કરી, નિત્યપ્રવાસની મનોકામના સાથે બાલીને મનની આંખોથી પામવા પ્રયાસ કરું છું. ✍

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ઑક્ટોબર મહિનામાં ૫ ઑક્ટોબરે 'વિજયાદશમી - રાક્ષસી દુષ્ટતાનો અંત' અને ૧૨ ઑક્ટોબરે 'સિંહ અને મચ્છર' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૯ ઑક્ટોબરે 'ફટાકડા ફટ્ ફટ્ ફૂટે' અને ૨૬ ઑક્ટોબરે 'જૂએ બચાવ્યો જીવ' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

સ્થાપત્ય

# લુંગ વાઈ શાળા – વિયેટનામ ૭૪૩

હેમંત વાળા

બાળકોના વિકાસ માટે શાળાનું સ્થાન મહત્ત્વનું છે. સંસ્કાર માટે જેમ કુટુંબ કેન્દ્રસ્થાને હોય છે તેમ જ્ઞાન અને સામાજિક પરિપક્વતા માટે શાળા કેન્દ્રસ્થાને હોય. અહીં એક આ પ્રકારની શાળાની વાત છે.

૧ + ૧ > ૨, સ્થપતિની સંસ્થાનું આ નામ છે જેમના દ્વારા લુંગ વાઈ શાળાની રચના નિર્ધારિત કરાઈ છે. નામ પણ રસપ્રદ છે અને તેમની આ રચના પણ તેટલી જ રસપ્રદ છે. આ મકાન શાળા તો છે જ, પરંતુ સાથે સાથે આજુબાજુના વિસ્તાર માટે તે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે, સ્થળ પણ બની રહે તે રીતે તેની રચના નિર્ધારિત કરાઈ છે. આ માટે રચનામાં અર્ધખુલ્લી જગ્યાઓની ગોઠવણ અને બહારના વ્યૂહાત્મક સ્થાન સાથેનાં સમીકરણને વિશેષ મહત્ત્વ અપાયું છે. દૂરના વિસ્તારમાં બનાવાયેલ આ શાળાના બાંધકામ વખતે, સ્વાભાવિક રીતે માનવીય બળ, વીજળી, પાણી જેવી પ્રાથમિક જરૂરિયાતોની કમી વર્તાય. આ તકલીફોના નિવારણ માટે, પ્રાથમિક તબક્કે, એવો નિર્ણય લેવાયો હશે કે જે પ્રાપ્ય છે તેનો મહત્તમ ઉપયોગ કરવો. આ એક નિર્ણયથી જાણે સમગ્ર રચના કુદરતી રીતે નિર્ધારિત થતી ગઈ. પરિણામે, ઊબડખાબડ રહેલી પર્વતની ટોચ પર જમીનમાંથી બિલાડીના ટોપ જેવું ઊગી નીકળેલું શાળાનું આ મકાન સ્થાનિક પરંપરા, સ્થાનિક સામગ્રી, સ્થાનિક જીવનશૈલી, સ્થાનિક આબોહવા, સ્થાનિક સ્થાપત્યશૈલી, સ્થાનિક બનાવટ, સ્થાનિક કૌશલ્ય તેમજ સ્થાનિક ભવિષ્યને સરસ રીતે પ્રતિબિંબિત કરે છે.

અહીંની વળાંકાકાર દીવાલ બનાવવા માટે કૂટીને સઘન બનાવાયેલી માટી - રેમ્ડ અર્થ - તકનીકનો ઉપયોગ થયો છે. માટીના આ પ્રકારના ઉપયોગથી દીવાલને મજબૂતાઈ તો મળે જ છે, પણ સાથે સાથે શાળા આજુબાજુની કુદરતી પરિસ્થિતિ સાથે વ્યવસ્થિત ગોઠવાઈ જાય છે અને સ્થાનિક લોકો પોતાપણું પણ અનુભવી શકે છે. સ્થાનિક આબોહવા માટે તો આ તકનીક અસરકારક છે જ. માટીની દીવાલોની ભાર લેવાની ક્ષમતાની મર્યાદાને કારણે અહીં લોખંડની પાઈપના થાંભલાનો ઉપયોગ પણ થયો છે. સ્થાપત્યની ભાષામાં એમ કહી શકાય કે આ રચના અંશતઃ ભારવાહક દીવાલો અને અંશતઃ માળખાકીય રચના સમાન છે. દીવાલો, લોખંડની માળખાકીય રચના, બારી-બારણાંની ગોઠવણ તથા છતના આકાર વચ્ચે અહીં સરસ સાતત્યતા ઊભી થાય છે.

માત્ર ૨૫૦ ચોમી. જમીનને આવરી લેતી નાનકડી આ શાળામાં માત્ર ત્રણ વર્ગખંડ છે. આમાંના બે વર્ગખંડ બાલમંદિર માટે અને એક પછીના વર્ષ માટે. આ વર્ગખંડ



ઉપરાંત અહીં વચગાળાનાં સ્થાન જે રીતે નિર્ધારિત કરાયાં છે તેનાથી સમગ્ર રચના વિદ્યાર્થીની - બાળકોની મનોવૃત્તિને અનુકૂળ બની રહે છે. અહીં તેઓ સ્વતંત્રતા માણી શકે છે, અહીં તેઓ ખુલ્લાપણું અનુભવી શકે છે, અહીં તેઓ ભાગદોડ કરી શકે છે અને અહીં તેઓ સ્થાન સાથે તાદાત્મ્યતા સ્થાપી શકે છે. શાળાની રચનામાં વણી લેવાયેલી અર્ધખુલ્લી જગ્યાઓથી શાળા અને કુદરત વચ્ચે જાણે એક સંવાદ સ્થાપિત થાય છે. એમ પણ કહી શકાય કે આને કારણે અંદર અને બહાર વચ્ચેનો ભેદ ઓછો થઈ જાય છે.

અહીં જાડી દીવાલથી દૃઢતા તેમજ અલગાવ ઊભો થાય છે તો મોટી બારીઓ અને છતમાં રખાયેલ બારીઓ-સ્કાયલાઇટ-ને કારણે હળવાશ તેમજ પરિસ્થિતિ સાથે સંપર્ક સ્થાપિત થાય છે. આ પ્રકારની રચનાથી કુદરતી પ્રકાશ અને હવાનું પરિભ્રમણ અસરકારક બને છે. શાળા માટે આ પ્રકારની સ્થિતિ હિતાવહ કહેવાય. અહીંની લોખંડના માળખામાંથી બનાવાયેલ વળાંકાકાર છતને કારણે આ શાળા ઊડતી રકાબી જેવી અથવા જમીન પર ઊગી નીકળેલ બિલાડીના ટોપ જેવી લાગે છે. એકંદરે એમ કહી શકાય કે, દૂરથી જોતાં એમ જણાય છે કે આ શાળા કુદરતી વાતાવરણ માટે 'પૂરક' છે.

બાળકોના વિકાસમાં શાળાના મકાનની રચનાનું એક ખાસ મહત્ત્વ હોય છે. બાળકની કેટલીક શારીરિક, માનસિક, સામાજિક તેમજ પર્યાવરણલક્ષી બાબતોને શાળાનું મકાન અમુક અંશે અસર કરી શકે. બાળકના શૈક્ષણિક વિકાસ પર પણ તે પ્રભાવ પાડી શકે. એક સંશોધનના આધારે એમ કહી શકાય કે, શાળામાં જો કુદરતી પ્રકાશ અને હવાની વ્યવસ્થા હોય તો બાળકની બુદ્ધિ તીવ્ર બની શકે. શાળાનું મકાન જો કુદરત સાથે સકારાત્મકતાથી જોડાયેલું હોય તો તેનાથી બાળક શાંતિ અને સંતોષ પણ અનુભવી શકે. બાળક માટે આવી સ્થિતિ સગવડતાજનક ગણાય. વળી શાળાની

રચનામાં જો અનૌપચારિક જગ્યાઓ વણાયેલી હોય તો બાળક એક ચોક્કસ પ્રકારની સ્વતંત્રતા અને મુક્તતા અનુભવે, જે જરૂરી છે. આવી કેટલીક બાબતો બાળકોને ધ્યાન કેન્દ્રિત કરવામાં પણ મદદરૂપ થાય. શાળાની રચનામાં જો અનૌપચારિક અર્ધખુલ્લી જગ્યાને વ્યવસ્થિત મહત્ત્વ મળ્યું હોય તો બાળકો વચ્ચે સામાજિક તેમજ ભાવનાત્મક વિકાસ સરળ બની શકે. આવી પરિસ્થિતિમાં બાળકો વચ્ચેનો પરસ્પરનો સહકાર તેમજ સંગઠન પણ વિકસી શકે. કેટલીક વાતો સમૂહમાં શીખવવી આવશ્યક હોય છે. આવી જગ્યાઓમાં બાળકને શારીરિક કસરત પણ મળી રહેવાની સંભાવના પણ વધી શકે. છે. શાળાની રચના એ રીતે હોવી જોઈએ કે જેમાં સાફસફાઈ સરળતાથી શક્ય બને. આ બધા સાથે થોડીક સૌમ્યતા અને થોડીક નાટકીયતા પણ જરૂરી છે. શાળાની રચના વખતે આવી બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ. એકંદરે એમ કહી શકાય કે શાળાની રચના જો આ પ્રકારની હોય તો બાળકને શાળાએ આવવાનું મન થાય.

શાળા એ માત્ર મકાન નથી, તે બાળકોના સર્વાંગી વિકાસ માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે. શાળાની રચના જો સંવેદનશીલતાથી સર્જનાત્મકતા સાથે કરવામાં આવે તો બાળકોના શારીરિક, માનસિક, શૈક્ષણિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. વિયેટનામની લુંગ વાઈ શાળામાં આ માટે પ્રયત્ન થયો હોય તેમ લાગે છે.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

હાસ્ય

# કાચના ઘરમાં રહેનારે...

રતિલાલ બોરીસાગર

એક પુસ્તકમાં મેં એક વાક્ય વાંચ્યું : ‘દરેક માણસને લાંબું જીવવાની ઇચ્છા હોય છે, પરંતુ ઉંમર વધે તેવું કોઈ કરતાં કોઈ ઇચ્છતું નથી.’ આ વાક્ય એક મિત્રને વંચાવી, મેં એમને પૂછ્યું : ‘આ વાક્ય કોનું હશે - સ્ત્રીનું કે પુરુષનું ? સ્ત્રીના મનમાં આ વિચાર આવ્યો હશે કે પુરુષના મનમાં ?’

‘આવો વિચાર સ્ત્રીના જ મનમાં આવ્યો હોય - પુરુષને વળી કયે દિવસે ઉંમરની પડી હોય છે ?’ મારા આ મિત્રની ઉંમર સત્તાવન વર્ષની છે અને વાળ કાળા કરવા - કાળા રાખવા નિયમિત રીતે હેરડાઇ વાપરે છે !

સામાન્ય રીતે સ્ત્રીને નાના જ રહેવું - નાના દેખાવું ગમે છે એવી એક માન્યતા છે. સ્ત્રીઓ વિશેની અન્ય કેટલીક માન્યતાઓની પેઠે આ માન્યતા પણ ખોટી છે, અથવા અર્ધી સાચી છે એમ પુરુષ થઈને કહેવું એ શિસ્તભંગ ગણાય એટલે કહેતો નથી. એ સાચું છે કે સ્ત્રીને પોતે હોય તેના કરતાં નાના દેખાવાનું ગમે છે, પણ માત્ર સ્ત્રીને જ ગમે છે એવું નથી, પુરુષોને પણ ગમે છે એમ પુરુષ તરીકે કહું તો ખાનગી વાત જાહેર કરી દેવા બદલ પુરુષો મને ક્ષમા કરે એવી મારી વિનંતી છે.

પુરુષને ઉંમરની પડી નથી હોતી - લેશમાત્ર પડી નથી હોતી - એ સાચું છે - સાવ સાચું છે, પરંતુ તે એક જ બાબતમાં - ને આ એક બાબત તે લગ્ન ! સાઠ વર્ષની ઉંમરે પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમરની યુવાન સ્ત્રીને પરણવાની તક સાંપડે તો કોઈ નરવીર પોતાની સાઠ વર્ષની ઉંમરની પરવા નહિ કરે ! જૂના જમાનામાં તો સાઠ વર્ષનો પુરુષ તેર-ચૌદ વર્ષની કોમલાંગી કન્યાને પણ પરણવાનું વીરત્વ બતાવતો - જાહેરમાં બતાવતો. રીતસર ઘોડે બેસી, બૅન્ડવાજાં સાથે સાઠ વર્ષનો બહાદુર પુરુષ કોમળ કળી જેવી કન્યાને પરણવા જતો. આ દૃશ્ય જોઈ હરિનાં લોચનિયાં આંસુભીનાં થતાં, પણ વરરાજાની આંખોમાં તો હરખનાં આંસુ જ આવતાં. ‘વીરો મારો (બોખા મોંએ) હસમુખ હસમુખ થાય’ કે ‘લાડડો (ચોકઠાની મદદથી) પાન ચાવે ને રસ ઢોળે’ એવાં ગીતો પણ જાનડીઓ ગાતી. આવા અમારા એક સગાની જાનમાં હું નાનપણમાં ગયો હતો એવું મને સ્મરણ છે. પુરુષ તો હજી આવું વીરત્વ દાખવવા તત્પર છે, પણ અત્યારની કોમલાંગી કન્યાઓ કોમળ અંગવાળી તો હોય છે, પણ કોમળ હૃદયવાળી નથી રહી. મોટી ઉંમરના પુરુષને એ તરત જ રિજેક્ટ કરી દે છે.

ઉત્તરપ્રદેશમાં આવી રીતે પરણવા નીકળેલા પાંસઠ વરસના કોડભર્યા વરરાજાને, છેક પોતાના આંગણા સુધી આવવા દઈ, કન્યા તથા એની કરાટે અને જુડો શીખેલી સખીઓએ ઘોડા પરથી પછાડી ઝૂડી નાખ્યો હતો. એવા સમાચાર કેટલાંક વરસ પહેલાં

વર્તમાનપત્રોમાં પ્રગટ થયા હતા. કહેવાનું એ છે કે લગ્નની બાબત સિવાય પુરુષને પણ સ્ત્રીના જેટલી જ પોતાની ઉંમરની ફિકર હોય છે. ઉંમરની વાત આવે છે ત્યારે પુરુષ અને સ્ત્રી એક વેવલેંગ્થ પર હોય છે!

આપણા એક વિદ્વાન અધ્યાપક એક વાર બસસ્ટૅન્ડે બસની રાહ જોઈને ઊભા હતા. (અગાઉના સમયમાં અધ્યાપક કહો એટલે એમાં વિદ્વાન હોવાની વાતનો સમાવેશ આપમેળે થઈ જતો હતો. હવેના સમયમાં દરેક અધ્યાપક પર વિદ્વાન હોવાનો આક્ષેપ મૂકી શકાતો નથી !) એ વખતે પાછળથી એક કન્યાએ મંજુલ સ્વરે કહ્યું : 'કાકા ! જરા જવા દો ને !' અધ્યાપકે પાછળ ફરીને જોયું. નવલકથાનાં અનેક સ્ત્રીપાત્રો એકસામટાં યાદ આવી જાય એવી એક નવયૌવના ઊભી હતી. 'આ નવયૌવનાએ મને 'કાકા'ના સંબોધનથી સંબોધ્યો ?' આ વિચારે પૂર્ણશ્વેતકેશી (જેના રહ્યાસહ્યા બધા વાળ ધોળા થઈ ગયા છે તેવા) અધ્યાપક મહોદયનું હૃદય ખિન્નતાથી ભરાઈ ગયું. 'બસ, હવે હું કાકો !' આ પ્રશ્ન દિવસો સુધી એમને સતાવતો રહ્યો. પરિણામે હતી એનાથી પણ એમની ઉંમર વધુ દેખાવા લાગી. એટલે જ આજની દયાળુ યુવતીઓ મોટી ઉંમરના પુરુષોને 'અંકલ' કહીને બોલાવે છે. 'કાકા'ના સ્થાને 'અંકલ' સાંભળવાનું - અર્થ એનો એ જ થતો હોવા છતાં - કાકાઓને સારું લાગે છે !

પ્રેમાનંદના 'નળાખ્યાન'માં દમયંતી-સ્વયંવરનું સુંદર વર્ણન છે.

દમયંતીને પરણવાની આશાએ આવેલા વૃદ્ધ રાજાઓએ સ્વયંવરની આગલી આખી રાત 'મેક-અપ' કરવામાં ગાળી હતી. દાઢીનો એક પણ સફેદ વાળ દેખાઈ ન જાય તે માટે લોહીના ટશિયા ફૂટ્યા ત્યાં સુધી અસ્ત્રા ઘસ્યા હતા. એવું વર્ણન પ્રેમાનંદે કર્યું છે. રમણભાઈ નીલકંઠના નાટક 'રાઈનો પર્વત'માં વૃદ્ધ રાજા પર્વતરાય યુવાન થવાના લોભમાં જીવ ગુમાવે છે એવી વાત આવે છે. રાજા યયાતિએ યુવાન થવા માટે પોતાના પુત્ર પુરુના યૌવન સાથે પોતાનું વૃદ્ધત્વ એક્સચેંજ કર્યું હતું એવી પૌરાણિક કથા છે. ટૂંકમાં, વધતી જતી ઉંમરની ચિંતા આદમ અને ઈવના સમયથી પુરુષો અને સ્ત્રીઓને સરખી રીતે થતી આવી છે.

મારા એક ચોસઠ વર્ષના મુરબ્બી મિત્ર ટી-શર્ટ પહેરે એવી એમનાં સાઠ વર્ષનાં પત્નીની ભાવના હતી. પણ મિત્રે કાયમ ઝભ્ભા પહેરેલા એટલે એમનું મન માનતું નહોતું. એક વાર એમનાં પત્નીએ કહ્યું : 'તમે ટી-શર્ટ પહેરી તો જુઓ ! મને લાગે છે કે તમે દસ વર્ષ નાના લાગશો !' આ સાંભળી મિત્ર તે જ દિવસે અર્ધો ડઝન ટી-શર્ટ લઈ આવ્યા !

સારાંશ : દરેક માણસને લાંબું જીવવું ગમે છે, પણ શું સ્ત્રી કે શું પુરુષ - ઉંમર વધે તે કોઈને ગમતું નથી. એટલે પુરુષોએ અખિલ વિશ્વ પુરુષ સંમેલન યોજી સ્ત્રીની ઉંમરની સભાનતા વિશેની બધી જોક પાછી ખેંચી લેવી જોઈએ. પુરુષો આમ નહિ કરે તો આધુનિક સ્ત્રીઓ એમને પેલી કહેવતની યાદ અપાવશે કે 'કાચના ઘરમાં રહેનારે બીજાના ઘર પર પથ્થર ન ફેંકવા જોઈએ !'

અભિવાદન

# શીલભદ્ર સંશોધકનું અભિવાદન

કુમારપાળ દેસાઈ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પરામર્શક, વિશ્વકોશના લિપિવિજ્ઞાનના વર્ગોના આયોજક અને અધ્યાપક તથા ધર્મ, સંસ્કૃતિ અને ઇતિહાસ વિશેનાં અધિકરણ-લેખક એવા ડૉ. પી. સી. પરીખને એમના સંશોધનકાર્યને માટે તાજેતરમાં ગુજરાતની બે અગ્રણી સંસ્થાઓએ હર્ષોલ્લાસથી પોંખ્યા છે.

૨૦મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત વિદ્યાસભા પ્રેરિત ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, તત્ત્વચિંતન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને આપવામાં આવતો ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક એમને એનાયત કરવામાં આવ્યો, તો એની સાથોસાથ ૨૮મી સપ્ટેમ્બરે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિસંસ્કાર શિક્ષણનિધિ(ટ્રસ્ટ)ના ઉપક્રમે એમને ભારતીય સંસ્કૃતિના અને લિપિશાસ્ત્રના વિદ્વાન તરીકે 'શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક' પ્રદાન કરવામાં આવ્યો. આ બંને પ્રસંગોએ શ્રી ડૉ. પી. સી. પરીખના જીવન અને કાર્ય વિશે વક્તવ્ય આપવાની મને તક સાંપડી અને એ રીતે આપણા એક અગ્રણી સંશોધકના જીવનના ચઢાવ-ઉતારની અને એમનાં સંશોધનકાર્યની વિગતો વિશે ઊંડાણથી જોવાનું બન્યું.

૧૯૩૭ની ૨૬મી માર્ચે ખેડાના વણિક કુટુંબમાં શ્રી પી. સી. પરીખનો જન્મ થયો. એમના પિતા ચીમનલાલભાઈ પરીખ આબુ રોડ સ્ટેશનમાં પોસ્ટમાસ્ટર તરીકે કામગીરી બજાવતા હતા, પરંતુ પ્રવીણભાઈના જન્મનાં ચાર દિવસ પૂર્વે જ એમના પિતાનું આબુ રોડ સ્ટેશનની પોસ્ટઑફિસમાં પોસ્ટમાસ્ટરની ખુરશીમાં બેઠા હતા, ત્યાં જ એકાએક હૃદયરોગનો હુમલો થતાં અવસાન થયું. માતા શાન્તાબહેન અને મોટા ભાઈઓ સાથે તેઓ મોસાળ મહેમદાવાદ આવ્યા. એ સમયે કુટુંબની આર્થિક સ્થિતિ અત્યંત કપરી હતી અને એમાં પણ ત્રણ ભાઈ અને એક બહેનનો ઉછેર કરવાનો હતો, પરંતુ ગમે તેટલી આર્થિક સંકડાશ હોય, પણ શિક્ષણ પ્રાપ્ત કરવાની બાબતમાં સહેજે બાંધછોડ કરવી નહીં એવું પરિવારનું વલણ હતું અને એથી એક ભાઈ કમાણી કરે અને બીજો ભાઈ ભણે. બીજા ભાઈનો અભ્યાસ પૂરો થયા પછી પહેલો ભાઈ અભ્યાસ કરવાનું શરૂ કરે. પરિણામે પ્રવીણભાઈના મોટા ભાઈ એલએલ.બી. થયા અને સરસપુર કૉલેજમાં આચાર્ય બન્યા હતા. જ્યારે એમના નાના ભાઈ કે. સી. પરીખ નડિયાદમાં સેવાભાવી ડૉક્ટર તરીકે જાણીતા બન્યા. આ ભાઈઓએ એમની બહેનને પણ અભ્યાસ કરાવ્યો અને એમની બહેને પી.ટી.સી. કર્યું અને માઉન્ટ કાર્મેલમાં શિક્ષિકા તરીકે જોડાયાં.

આ રીતે મહેમદાવાદમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું થયા પછી ૧૯૫૫માં વધુ અભ્યાસ માટે આ કુટુંબે અમદાવાદમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. પ્રવીણભાઈ એ સમયે રામાનંદ કૉલેજ(આજની એચ. કે. આર્ટ્સ કૉલેજ)માં જોડાયા અને આચાર્યશ્રી યશવંત શુક્લએ એમને કૉલેજની લાઈબ્રેરીનું કામ સોંપ્યું અને એના બદલામાં એમની ફી માફ કરી. પ્રવીણભાઈનો વિષય તો ગુજરાતી અને હિન્દી હતો, પણ શ્રી યશવંત શુક્લના આગ્રહને પરિણામે એમણે ભારતીય સંસ્કૃતિનો વિષય લીધો અને ડૉ. પ્રિયબાળાબહેન શાહ સાથે કામ કરવાની તક આપી. ૧૯૫૭માં ડૉ. પ્રિયબાળાબહેન શાહ લોથલના ઉત્ખનનનાં કાર્યમાં જોડાયેલાં હતાં. એમની સાથે પ્રવીણભાઈને જવાની તક મળી અને વિશેષ તો ઉત્ખનનો કઈ રીતે થાય છે, તેમાંથી માહિતીની તારવણી કઈ રીતે કરવામાં આવે છે - એ બધી ઊંડી ઝીણવટભરી બાબતોનો ખ્યાલ આવ્યો.



**ડૉ. પી. સી. પરીખ**

આ સમયે ભો. જે. વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી રસિકલાલ પરીખે એક સેમિનાર યોજ્યો હતો. આ સેમિનાર માટે અશોકના સમયના અભિલેખો વિશે પ્રવીણભાઈએ ખૂબ મહેનતથી લેખ તૈયાર કર્યો. આ લેખ વાંચીને પ્રસન્ન થયેલા શ્રી રસિકલાલ પરીખે કહ્યું, ‘ગુજરાતી ભાષાને તમે એક સારામાં સારો લેખ આપ્યો છે.’ અહીંથી પ્રવીણભાઈની લેખનયાત્રા શરૂ થઈ અને આજે તો એમના ૧૪૨ જેટલા લેખો મળે છે.

અભ્યાસ દરમિયાન નોકરી કરવાની આવશ્યકતા હોવાથી અમદાવાદની ડેમૉક્રેટિક સ્કૂલના માધ્યમિક વિભાગમાં હિન્દીના શિક્ષકની કામગીરી સ્વીકારી. આ સમયે એમ.એ.ની પરીક્ષા દરમિયાન સ્કૂલમાંથી એક પણ દિવસની રજા મળી નહીં, તેમ છતાં ૧૯૬૧માં ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.ના ભારતીય સંસ્કૃતિના વિષયમાં પ્રથમ આવ્યા અને યુનિવર્સિટી દ્વારા એમને શેઠ ચીનુભાઈ લલ્લુભાઈ મહેતા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો.

પ્રખર સંશોધક શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી પાસે પીએચ.ડી. કરવાનો વિચાર કરતા હતા. એમની પાસે બે વિદ્યાર્થી હતા અને બે વિષય હતા. એક રસેશ જમીનદાર અને બીજા પી. સી. પરીખ. એક વિષય હતો – ‘ક્ષત્રપકાળનું ગુજરાત’ અને બીજો વિષય હતો – ‘બ્રાહ્મીલિપિનો ગુજરાતમાં થયેલો વિકાસ’. પ્રવીણભાઈ અને રસેશભાઈ ગાઢ મિત્રો. રસેશ જમીનદારે કહ્યું કે, એમને બ્રાહ્મીલિપિના વિષય કરતાં ‘ક્ષત્રપકાળનું ગુજરાત’ એ વિષય વધુ પસંદ પડે છે, આથી પ્રવીણભાઈએ ‘ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ વિકાસ’ એ વિષય પર શોધનિબંધ લખવાનું નક્કી કર્યું. આને માટે એલ. ડી. ઇન્ડોલૉજીએ ત્રણ વર્ષની સ્કૉલરશિપ પણ આપી હતી. બ્રાહ્મીલિપિના

અભ્યાસ માટે શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ એમને અમદાવાદનાં દરિયાપુરના ઉપાશ્રયમાં બિરાજમાન આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજને મળવાનું કહ્યું. મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના હાથમાં હસ્તપ્રત આવતી અને એ જાણે પોતાની આપવીતી કહેવા માંડતી. એમણે હસ્તપ્રતભંડારોની સૂચિ બનાવવાનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું.

પ્રવીણભાઈ એમની પાસે ગયા અને આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજીએ એમનું 'ભારતીય શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' પુસ્તક આપ્યું. ધીરે ધીરે લિપિ અંગે કામ કરવામાં પ્રવીણભાઈને આનંદ આવવા લાગ્યો. એલ. ડી. ઇન્ડોલૉજીમાં લક્ષ્મણભાઈ ભોજકનો મેળાપ થતાં એમણે લિપિના અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વની ૨૫૦ જેટલી હસ્તપ્રતો શોધી આપી. ૧૯૬૧થી ૧૯૬૪ સુધી ઇન્ડોલૉજીનો એ સમયગાળો પ્રવીણભાઈને માટે વિદ્યાતેજ વધારનારો બની રહ્યો. અહીં દલસુખભાઈ માલવણિયા, નગીનભાઈ શાહ વગેરે વિદ્વાનોનો સહવાસ મળ્યો અને પીએચ.ડી.નો મહાનિબંધ તૈયાર થયો.

આ મહાનિબંધના રેફરી તરીકે કામગીરી બજાવવા માટે આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજને વિનંતી કરવામાં આવી હતી. લુણસાવાડાના ઉપાશ્રયમાં પ્રવીણભાઈનો વાય-વા લેવામાં આવ્યો. કદાચ યુનિવર્સિટીના ઇતિહાસમાં કોઈ મહારાજશ્રીએ વાય-વા લીધો હોય તેવી આ પહેલી જ ઘટના હશે. આ ગ્રંથને તત્કાલીન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ શ્રેષ્ઠ સંશોધનગ્રંથ તરીકે પસંદ કર્યો. એમાં મૌર્યકાલીન, ક્ષત્રપકાલીન, ગુપ્તકાલીન, મૈત્રકકાલીન, ચૌલુક્યકાલીન અને અનુચૌલુક્યકાલીન બ્રાહ્મીલિપિના વિકાસની ચર્ચા કરી હતી. આ મહાનિબંધ યુનિવર્સિટીએ સ્વયં પ્રસિદ્ધ કર્યો. આ સંશોધન ગ્રંથ માટે પ્રવીણભાઈને 'નર્મદ ચંદ્રક' (૧૯૭૧થી ૧૯૭૫) એનાયત થયો. એ પછી તો એમના માર્ગદર્શન હેઠળ સાત વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા છે.

૧૯૬૪માં શ્રી ડોલરરાય માંકડે માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજમાં ઇતિહાસના અધ્યાપક તરીકે પ્રવીણભાઈની નિમણૂક કરી. એ સમયે ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિ બંનેનો એક જ વિષયમાં સમાવેશ થતો હતો. જેમ ઉત્ખનન અંગે પ્રિયબાળાબહેન પાસેથી ઊંડી સૂઝ મળી હતી, એ જ રીતે શ્રી ડોલરરાય માંકડ પાસેથી સંશોધનની આગવી તાલીમ મળી. નદીના મુખથી મૂળ સુધીનો પ્રવાસ એ એમનો એક આગવો શૈક્ષણિક પ્રયોગ હતો. એમાં નદી જ્યાંથી નીકળે છે ત્યાંથી માંડીને દરિયામાં મળે છે ત્યાં સુધીનો પ્રવાસ કરવો. નદીના બંને કાંઠા પર કઈ કઈ વનસ્પતિ થાય છે, એનો કયો ઉપયોગ કરવામાં આવે છે એ બધું જોવું અને આવી રીતે કાર્ય કરતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનું આતિથ્ય કરવાની સઘળી જવાબદારી વચ્ચે આવતા ગામલોકો આનંદભેર સંભાળતા હતા.

આપણા અભ્યાસી સ્થાપત્યવિદ શ્રી કાંતિલાલ સોમપુરાનું અવસાન થતાં પ્રવીણભાઈની ભો. જે. વિદ્યાભવનમાં રીડર તરીકે નિમણૂક થઈ. એ સમયે ભો. જે. વિદ્યાભવન બે મહત્ત્વના પ્રોજેક્ટ કરી રહ્યું હતું. એક શ્રીમદ્ ભાગવતની સમીક્ષિત

આવૃત્તિ અને બીજી ગુજરાતના ઇતિહાસના નવગ્રંથની યોજના. શ્રીમદ્ ભાગવતની સમીક્ષિત આવૃત્તિ શ્રી કે. કા. શાસ્ત્રી અને શ્રી ભારતીબહેન શેલત કરતાં હતાં, પણ બંને બહારગામ પ્રવાસ કરી શકે તેમ નહોતાં, તેથી શ્રીમદ્ ભાગવતની હસ્તપ્રતો મેળવવાનું કામ પ્રવીણભાઈ કરતા હતા. નેપાળ, ઓડિશા, ભુવનેશ્વર, બનારસ, ચેન્નાઈ, પૂના વગેરે ગ્રંથભંડારોમાં ગયા. ત્યાંથી હસ્તપ્રતોની માઇક્રોફિલ્મ કરાવી. એને માઇક્રોફિલ્મ રીડરમાં એને રીડ કરવી પડતી હતી અને એ સમયે ભો. જે. વિદ્યાભવનમાં દસ પંડિતો માઇક્રોફિલ્મ રીડરનું કામ કરતા હતા. જ્યારે પ્રવીણભાઈ ગુજરાતના ઇતિહાસમાં શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીને સંપાદનકાર્યમાં મદદ કરતા હતા. ગુજરાતના ઇતિહાસનાં બધાં પ્રકરણોમાં લિપિનાં પ્રકરણો પ્રવીણભાઈએ લખ્યાં.

એ પછી ૧૫૦૦ અભિલેખોની સૂચિ ધરાવતું ‘ગુજરાતના અભિલેખો’ નામનું પુસ્તક પ્રગટ કર્યું. તો ‘The Jain Image Inscriptions of Ahmedabad’માં ૧૦૦૦ જેટલા પ્રતિમાની પાછળ લખાયેલા લેખોની વિગત આપી. ક્યાંક પ્રતિમાની પાછળ, ક્યાંક એના પરિકરમાં તો ક્યાંક એની નીચે આવા પ્રતિમા લેખો લખવામાં આવ્યા હતા. જ્યારે ‘ભારતદર્શન’ ગંગોત્રી શ્રેણી-૨૨નું પ્રકરણ એમણે નવેસરથી લખ્યું અને વિશેષ તો એમાં પ્રાચીન ભારતમાં પ્રવર્તતી ગુલામીની પ્રથાનું માર્મિક વિશ્લેષણ કર્યું છે.

શ્રી રસિકલાલ પરીખ અને શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી જેવા સંશોધકો પાસેથી સંશોધનની એક પૉઝિટિવ દૃષ્ટિ જોવા મળી. એમણે અનુશ્રુતિમાંથી પણ સત્યાંશ તારવવાનો પ્રયાસ કર્યો. જેને પુરાકલ્પન કહીને ઇતિહાસકારો બાજુમાં હડસેલી દેતા હતા તેમાં સંશોધનની પૉઝિટિવ દૃષ્ટિ રાખીને વિચારવું જોઈએ. તો ડોલરરાય માંકડ પાસેથી એમને એ જાણવા મળ્યું કે કોઈ પણ એક વિષયમાં કેટલા બધા ઊંડાણથી જવાની જરૂર હોય છે. અશોક મજુમદારનો ‘ચૌલુક્યાઝ ઑફ ગુજરાત’ નામના ગ્રંથમાંથી એમણે ઘણી અનુશ્રુતિઓનો મર્મ પ્રગટ કરી આપ્યો. જ્યારે ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં થયેલા ‘કક્ષપુટ’ ગ્રંથમાં પારામાંથી સોનું બનાવવાની વાત આલેખવામાં આવી છે, તેમ કહ્યું. આ વિશે પણ પ્રવીણભાઈએ ખૂબ ઊંડાણમાં જઈને શોધ કરી. વર્તમાન ગુજરાતમાં કદાચ તેઓ એકમાત્ર વિદ્વાન છે જે બ્રાહ્મીલિપિના નિષ્ણાત હોય ! તાજેતરમાં બ્રાહ્મીલિપિના મૂળાક્ષરો કમ્પ્યૂટરમાં પ્રયોજાય તેવા ‘ફૉન્ટ’ રચનામાં તેઓ કાર્ય કરી રહ્યા છે.

તેમની વ્યાવસાયિક કારકિર્દીનો પ્રારંભ રાજકોટની માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજમાં અધ્યાપક તરીકે ૧૯૬૪થી થયેલો. ૧૯૭૫થી ૧૯૮૨ સુધી ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનમાં રીડર તરીકે અને ૧૯૮૨થી ૧૯૯૭ સુધી પ્રાધ્યાપક અને નિયામક તરીકે તેમણે સેવા આપેલી. ૧૯૭૪થી પુસ્તકપ્રકાશનની જે યાત્રા શરૂ થઈ તે ૨૦૨૩ સુધીમાં સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં થઈને લગભગ ૫૦ જેટલાં પુસ્તકો સુધી પહોંચી ગઈ છે. એમાં ‘ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ’, ‘પ્રાચીન

ભારતીય શિલ્પકલા', 'ભારતીય સિક્કાશાસ્ત્ર', 'Shakti Kund at Akhaj', 'Akbar and His Coins', 'અમદાવાદનાં ભદ્રવિસ્તારનાં મંદિરો', 'Jain Image Inscription of Ahmedabad', 'ગુજરાતના અભિલેખો : સ્વાધ્યાય અને સમીક્ષા', 'સ્વામિનારાયણ શિલ્પકલા અને સ્થાપત્ય', 'શ્રી કૃષ્ણતત્ત્વ મીમાંસા', 'જૈન ધર્મમાં દ્રવ્યમીમાંસા', 'અક્રમ-વિજ્ઞાન' વગેરે ઉલ્લેખનીય છે. હાલમાં તેઓ ગુજરાત વિશ્વકોશના ઉપક્રમે તૈયાર થઈ રહેલ 'સંતકોશ'માં તથા સમાજવિદ્યા વિભાગમાં તજ્જ્ઞ તરીકે કાર્યરત છે. તેમનું ગુજરાતી ઉપરાંત હિંદી અને અંગ્રેજી ભાષામાં પણ પ્રભુત્વ સારું હોવાથી તેમના સંશોધનલેખો ત્રણેય ભાષાનાં સામયિકોમાં પ્રકાશિત થયા છે.

તેમની વિશિષ્ટ કામગીરીમાં જોઈએ તો ૧૯૯૭ સુધી તેમણે ભો. જે. વિદ્યાભવનના સંશોધન-ત્રૈમાસિક 'સામીપ્ય'નું સંપાદન કરેલું. ૧૯૯૨-'૯૩ના વર્ષમાં ભરાયેલ 'ગુજરાત ઇતિહાસ પરિષદ'ના પ્રમુખપદને શોભાવેલું. તેઓ રાજ્ય અને કેન્દ્રની અનેક સંસ્થાઓમાં સક્રિય સભ્ય રહેલા છે. તેમણે 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આઠમા અને નવમા ખંડના તથા 'પ્રાણનાથ-પ્રજ્ઞા' ગ્રંથશ્રેણીના ખંડ ૧થી ૩ના સંપાદક તરીકે કાર્ય કર્યું છે. ૨૦૦૩થી ૨૦૦૮ સુધી તેમણે નિજાનંદ શિક્ષણ સંસ્થાન, જામનગરમાં સંયોજક તરીકે અને ૨૦૦૯થી ૨૦૧૪ સુધી હૉલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, કામરેજ, સૂરતના નિયામક તરીકે કાર્ય કર્યું હતું.

તેમને મળેલા વિશેષ સન્માનમાં જોઈએ તો ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્ત્વક્ષેત્રે કરેલા પ્રદાનના સંદર્ભમાં તેમને ૧૨ મે, ૧૯૯૭ના રોજ અમદાવાદમાં 'ન્યૂ ડાયમેન્શન્સ ઑવ્ ઇન્ડોલૉજી' નામનો તેમના વિશેનો અભિનંદનગ્રંથ પ્રકાશિત થયો હતો. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા સદ્‌વિચાર હૉલમાં યોજાયેલ જ્ઞાનસત્ર પ્રસંગે તેમને 'શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો.

છેલ્લાં થોડાં વર્ષોથી તેઓ પ્રણામીસંપ્રદાય અને દાદા ભગવાનની વિચારધારાને અનુસરી જીવન જીવી રહ્યા છે. નિઃસ્વાર્થ સેવાપરાયણતા તેમનો સ્વભાવગત ગુણ બની ગયો છે.

આજે ૮૮મા વર્ષે પણ પ્રવીણભાઈ સંપૂર્ણપણે કાર્યરત છે. તેઓ કહે છે કે ઇતિહાસમાં ઘણી ખૂટતી કડીઓ જોડવાની જરૂર છે અને આનું ઉદાહરણ આપતાં દરિયામાં ડૂબી ગયેલી દ્વારિકા નગરીની વાત કરે છે. જો એ નગરીની લિપિ મળી જાય તો હડપ્પાલિપિ અને બ્રાહ્મીલિપિ વચ્ચેનું લખાણ મળતું નથી, તે મળી જાય. વળી વેદ, ઉપનિષદ અથવા તો પ્રાચીન લખાણો મૂળ રૂપે વાંચવા માટે પણ બ્રાહ્મીલિપિની જરૂર પડશે. આ રીતે નમ્ર, સાલસ, ખૂબ ઓછાબોલા અને સતત પોતાના કાર્યમાં મગ્ન એવા શ્રી પ્રવીણચંદ્ર સી. પરીખ દીર્ઘાયુ થાય અને સાહિત્ય અને સંશોધનની સેવામાં પોતાનું જીવન ખપાવી દે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

પ્રેરણા

# ટીમ બાલિકા

પ્રીતિ શાહ



સફીના હુસૈન

નવી દિલ્હીમાં ઊછરેલાં સફીના હુસૈને બાળપણમાં જ ગરીબી, હિંસા અને દુર્વ્યવહારનો અનુભવ કર્યો. પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે સફીનાએ ત્રણ વર્ષ અભ્યાસ છોડવો પડ્યો હતો. તેમણે ૧૯૮૭થી ૧૯૮૯ સુધી દિલ્હીની ડીપીએસ આર.કે.પુરમમાં શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ તેમના એક સગાના સહયોગથી લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાં પ્રવેશ મળ્યો અને ૧૯૯૨થી ૧૯૯૫ સુધી લંડનમાં અભ્યાસ કર્યો. તેમના જીવનમાં શિક્ષણથી વળાંક આવ્યો, ત્યારે તેમણે નક્કી કર્યું કે તેમના જેવી છોકરીઓ માટે આવી જ ભૂમિકા નિભાવવી છે. અભ્યાસ પૂર્ણ કરીને દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને એશિયાના ગ્રામીણ અને શહેરમાં જરૂરિયાતમંદ સમુદાયો માટે કામ કર્યું. ૧૯૯૮થી ૨૦૦૪ સુધી સાન ફ્રાન્સિસ્કોની ચાઇલ્ડ ફૅમિલી હેલ્થ ઇન્ટરનેશનલમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કામ કર્યું. ૨૦૦૫માં તેમના પિતા અને બોલિવૂડ તથા ટી.વી.ના જાણીતા અભિનેતા યુસુફ હુસૈન પાસે મુંબઈ આવ્યાં. ભારત આવ્યા પછી સંશોધન કર્યું. તેઓ સરકાર પાસે ગયાં અને છોકરીઓના શિક્ષણ અંગે કામ કરવાની વાત કરી. સરકારે રાજસ્થાનના છવ્વીસ જિલ્લાનો ડેટા આપ્યો કે જ્યાં લૈંગિક અસમાનતા વધારે હતી. ભારતમાં સ્કૂલે ન જનારી છોકરીઓ, બાલિકાવધૂ અને હ્યુમન ટ્રાફિકિંગમાં છોકરીઓની સંખ્યા સૌથી વધુ છે. છોકરીઓને અભ્યાસ ન કરાવવા પાછળનું કારણ પિતૃસત્તા અને રૂઢિચુસ્ત માનસિકતા છે. જે ક્ષેત્રોમાં તેઓ કામ કરે છે ત્યાં બકરીને સંપત્તિ ગણે છે અને પુત્રીને બોજ ! આમાંથી બહાર નીકળવાનો એક જ ઉપાય છે અને તે શિક્ષણ.

સફીના હુસૈને ૨૦૦૭માં મુંબઈમાં 'એજ્યુકેટ ગર્લ્સ'ની સ્થાપના કરી. ૨૦૦૮માં પચાસ સ્કૂલોથી તેમણે શરૂઆત કરી. રાજસ્થાનમાં છોકરીઓને સ્કૂલે ન મોકલવા પાછળ પારિવારિક ઉદાસીનતા, પ્રેરણાનો અભાવ અને છોકરીઓની અનિચ્છા જેવી બાબતો મુખ્ય હતી. તેઓ દરેક ગામમાં ઘેર ઘેર જઈને સ્કૂલે ન જતી છોકરીઓને શોધે છે. આ મિશન વ્યક્તિગત હોવાથી તેનું મૉડલ પણ એ પ્રકારનું બનાવ્યું છે. તેઓ ગામડાંઓમાં જઈને મોબાઇલ પર ડેટા એકત્રિત કરે છે. તેમને સ્કૂલ સુધી લાવવા માટે

તાલીમ પામેલા કર્મચારીઓ મદદ કરે છે. એ ઉપરાંત ગામની બેઠક, પડોશીઓની બેઠક અને વ્યક્તિગત સંપર્કના માધ્યમથી સમજાવવામાં આવે છે. છોકરીઓ એક વખત સ્કૂલે આવતી થાય પછી સ્કૂલમાંથી જતી ન રહે અને તેનો અભ્યાસ આગળ ચાલુ રહે તેની સંભાળ લે છે. તેને માટે સ્કૂલોમાં શૌચાલય છે કે નહીં, તેની પણ તપાસ તેઓ કરે છે.

૧૯૭૧ની ૨૧મી જાન્યુઆરીએ જન્મેલાં સફીનાએ અનુભવ્યું કે રાજસ્થાનના કોઈ આદિવાસી ગામમાં કોઈના પણ ઘરે જઈને તમે કહો કે 'મહેરબાની કરીને તમારી દીકરીને અભ્યાસ માટે સ્કૂલે મોકલો' તો તેનાથી ખાસ કોઈ પરિણામ નહીં મળે. તેમની માનસિકતામાં પરિવર્તન લાવવા માટે તે સમુદાયને સંગઠિત કરીને સ્થાનિક એજન્ટની મદદ લેવી પડે છે. તેઓએ દરેક ગામમાં સ્વયંસેવકો ઊભા કર્યા છે અને 'ટીમ બાલિકા' બનાવી છે, જેના પર લોકો સ્થાનિક સંબંધોને કારણે તેમનામાં વિશ્વાસ મૂકે છે. તે લોકો જાણે છે કે પરિવર્તન લાવવા માટે કોની સાથે વાત કરવાની છે. આજે ત્રેવીસ હજાર સ્વયંસેવકો 'ટીમ બાલિકા' તરીકે કામ કરે છે. છોકરીઓને સ્કૂલમાં પ્રવેશ કરાવવા અને સ્વયંસેવકો શોધવા માટે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપે છે, જીપમાં લાઉડ સ્પીકર લગાવીને ગામેગામ જાહેરાત કરે છે, પોસ્ટર અભિયાન ચલાવે છે, રેડિયોના માધ્યમનો ઉપયોગ કરે છે. તેમજ ભરતીમેળાનું આયોજન કરે છે. આમ શક્ય તેટલા બધા પ્રયત્નો કરવામાં આવે છે. સરકાર સાથે મળીને કામ કરતાં હોવાથી સરપંચ અને ગામના મુખ્ય માણસો પણ સમગ્ર પ્રક્રિયાથી વાકેફ હોય છે.

સફીના કહે છે કે આ બધું રાતોરાત થતું નથી. ઘણાં વર્ષો લાગે છે, પરંતુ છોકરીઓની એક પેઢીને અભ્યાસ કરાવી શકીશું તો આ ચક્ર તૂટશે, કારણ કે ડેટા એમ કહે છે કે શિક્ષિત માતા તેનાં બાળકોને શિક્ષિત કરે તેવી સંભાવના બમણી થઈ જાય છે. એજ્યુકેટ ગર્લ્સે ફંડ માટે ૨૦૧૭માં શિક્ષણક્ષેત્રે વિશ્વમાં પ્રથમ વાર ડેવલપમેન્ટ ઈમ્પેક્ટ બૉન્ડની શરૂઆત કરી અને એશિયામાં પ્રથમ વાર ઓડેસિયસ વિઝનમાં એજ્યુકેટ ગર્લ્સનો સમાવેશ થયો, જેમાં આઠ પ્રોજેક્ટ વચ્ચે ત્રણસો મિલિયન અમેરિકી ડૉલર ફાળવવામાં આવે છે. એક એવું મૉડલ બનાવ્યું કે જેમાં ફંડિંગ સીધું બાળકોના શિક્ષણ સાથે જોડાય. આનાથી શિક્ષણના ક્ષેત્રે પારદર્શિતા જોવા મળી. અત્યારે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશનાં ત્રીસ હજાર ગામોમાં કામ ચાલે છે. સફીના હુસૈનનું લક્ષ્ય વધુ ને વધુ ગામો સુધી પહોંચીને દોઢ કરોડ છોકરીઓ જે સ્કૂલે નથી જતી, તેમાંથી સૌપ્રથમ ચાળીસ ટકાની સમસ્યા હલ કરવાનું છે. કારણ કે આ ચાળીસ ટકા છોકરીઓ પાંચ ટકા ગામોમાં છે. આ પાંચ ટકા ગામોની સમસ્યા હલ થઈ જાય, તો ઘણું મોટું કામ થઈ શકે. જો ભારતની આ લાખો છોકરીઓ શિક્ષિત થાય તો વિકાસમાં ઘણું મોટું પ્રદાન આપી શકે. અનેક ઍવૉર્ડથી સન્માનિત સફીના હુસૈન સ્કૂલે ન જનારી છોકરીઓના ડેટા મેળવવા માટે એ.આઈ.ની મદદ લઈ રહ્યાં છે. ૨૦૦૭થી એજ્યુકેટ ગર્લ્સ શરૂ કરનાર સફીનાએ પાલી અને ઝાલોર જિલ્લાનાં

**(અનુસંધાન ૨૯મા પાને)**

જીવનપાથેય

# એ બધાના મોઢે મારું ખરાબ જ બોલે છે !

કૃષ્ણકાંત ઉનડકટ

જિંદગી સારી રીતે જીવવા માટે દુનિયાને થોડીક સારી રીતે સમજી લેવી પડે છે. દુનિયા ક્યારેય આપણે ઇચ્છીએ એવી રહેવાની નથી. દુનિયામાં ચિત્રવિચિત્ર લોકો તો હોવાના જ. આપણે ગમે એટલા સારા હોઈએ તોપણ લોકો આપણને સારા કહે જ એવું જરૂરી નથી. માણસો કોઈ ને કોઈ વાંક કાઢતા જ રહેશે. કેટલાક લોકો અદેખાઈ ધરાવતા હોય છે. એ બીજાનું સારું જોઈ શકતા જ નથી. આપણે એનું ભલું કરીએ, તોપણ એ આપણું બૂરું બોલતા રહે છે. ઘણા લોકો એવા હોય છે જે આપણા મોઢે તો સારું સારું અને મીઠું મીઠું બોલતા હોય છે, પણ પાછળથી આપણું જ વાટતા હોય છે. સફળતાનું એક સત્ય એ પણ છે કે એ કોઈનાથી જોવાતી નથી.

એક માણસ સંત પાસે ગયો. તેણે સંતને સવાલ કર્યો, ‘હું બધા સાથે બહુ સારી રીતે વર્તું છું તોપણ લોકો મારા વિશે ખરાબ બોલે છે.’ સંતે હસીને જવાબ આપ્યો, ‘તું જેવો છે એવું લોકો ક્યારેય નથી બોલવાના, એ તો એ જ બોલવાના છે જેવા એ પોતે છે.’ બોલનાર પોતાની ફિતરત, પોતાની સમજણ અને પોતાની વિદ્વત્તા વ્યક્ત કરતા હોય છે. બધાની ફિતરત સારી હોય એવું જરૂરી નથી. જે પોતે કંઈ કરી શક્યા નથી, એનાથી બીજા લોકો કોઈ મુકામ પર પહોંચ્યા હોય એ સહન થતું નથી. લોકો પાસે એક હદથી વધુ અપેક્ષાઓ પણ રાખવી ન જાઈએ. માણસ પારકાનાં વખાણ હજુ કરી શકશે, પણ જે પોતાના છે, જે નજીક છે એનાં વખાણ તેનાથી થઈ શકતાં નથી. સારું ન બોલે તો કંઈ નહીં, ઘણાને તો કારણ વગર ખરાબ બોલવાની આદત હોય છે.

બે મિત્રો હતા. એક મિત્રએ બીજા સાથે ધીમે ધીમે સંબંધ ઓછો કરી નાખ્યો. એના એક મિત્રએ પૂછ્યું, ‘તું હવે કેમ તારા મિત્રની સાથે નથી દેખાતો?’ તેણે સાચી વાત કરી દીધી. તેણે કહ્યું કે, ‘એની એક ખરાબ આદતના કારણે મારે તેનાથી દૂર થવું પડ્યું. એ ક્યારેય કોઈની સારી વાત જ નહોતો કરતો. બધાનું ખરાબ જ બોલે. મેં તેને બે-ચાર વખત તો કહ્યું પણ હતું કે, તું આવું ન કર. જેની સાથે તારે કંઈ લાગતુંવળગતું નથી એનું પણ તું ખરાબ બોલે છે. એ કોઈ વાત સમજ્યો જ નહીં. એક સમયે મને ડર લાગવા માંડ્યો કે, ક્યાંક તેની સાથે રહીને હું પણ એના જેવો ન થઈ જાઉં અને બધાનું ખરાબ બોલવા લાગું.’ હું એક વાત માનું છું કે, દરેક માણસમાં કેટલીક ખામીઓ અને કેટલીક ખૂબીઓ હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. આપણે એનામાં શું જોઈએ છીએ એના પરથી આપણી કક્ષા નક્કી થાય છે. બીજી વાત એ કે, કોઈ શું કરે છે, સારું કરે છે કે ખરાબ કરે છે, કરવું જોઈએ કે ન કરવું જોઈએ, એ નક્કી કરવાવાળા આપણે કોણ ? ખોટી વાતો કરીને આપણે સરવાળે આપણું જ મગજ બગાડતા હોઈએ

છીએ. જિંદગીમાં એ નક્કી કરવું પડતું હોય છે કે, કઈ વાતને ધ્યાને લેવી અને કઈ વાતની ઉપેક્ષા કરવી. નક્કામી વાતોને ધ્યાને લઈએ તો કામની વાતોમાંથી ધ્યાન હટી જાય છે.

આપણે ક્યારેય એ વિચાર કરીએ છીએ કે, હું મારા માટે કેટલું વિચારું છું અને બીજા વિશે કેટલું વિચારું છું ? ઘણા લોકોનાં મન અને મગજમાંથી કેટલાક લોકો અને કેટલીક ઘટનાઓ ખસતી જ નથી. ક્યારેક આપણે એવા વાતાવરણમાં આવી જતા હોઈએ છીએ, જ્યાં ગૂંગળામણ થતી હોય છે. આવી જગ્યા જેમ બને એમ વહેલી તકે છોડીને આપણે સારા વાતાવરણમાં ચાલ્યા જતા હોઈએ છીએ. આવું જ વિચારોની બાબતમાં પણ કરવું પડે છે. જ્યારે નક્કામા, ડરામણા કે હતાશ કરે એવા વિચારો આવે ત્યારે તેનાથી દૂર ખસીને સારા વિચારો તરફ વળવું પડે છે. જો એમાં ને એમાં પડ્યા રહીએ તો ધીમે ધીમે આપણે જ આપણામાં જકડાતા જઈએ છીએ. આપણી હતાશા, આપણી ઉદાસી અને આપણી માનસિક સ્થિતિ માટે આપણે જ જવાબદાર હોઈએ છીએ. એક યુવાન હતો. એ હંમેશાં ખુશ રહેતો હતો. એક વખત તેના મિત્રે પૂછ્યું, 'તું હંમેશાં ખુશ કેવી રીતે રહી શકે છે?' એ યુવાને કહ્યું કે, 'હું કોઈ વ્યક્તિ, કોઈની વાત, કોઈ ઘટના કે કોઈ અનુભવને મારા પર હાવી થવા દેતો નથી.' કોઈ બોજ નીચે દબાવું કે ન દબાવું એ આપણે નક્કી કરવું પડતું હોય છે. બોજ નીચે ન દબાવા માટે જે બોજ આવે એને તરત જ ખંખેરી નાખવો પડે છે. એને જો આપણી ઉપર સવાર થવા દઈએ તો એક તબક્કે એ આપણને જ પોતાના સાણસામાં લઈ લે છે.

આપણી મૅચ્યૉરિટી એના પરથી નક્કી થતી હોય છે કે આપણે કઈ વાતને ગંભીરતાથી લઈએ છીએ અને કઈ વાતને હળવાશથી લઈએ છીએ. હળવાશ મહેસૂસ કરવા માટે ભારે કરી દે એવી વાતો કે ઘટનાઓથી દૂર રહેવું જોઈએ. એક છોકરીની આ વાત છે. તેના પરિવારમાં એક યુવાન હતો. બંનેને સારું બનતું હતું. ધીમે ધીમે એ છોકરીને ખબર પડી કે, એ તો બધાના મોઢે મારું ખરાબ જ બોલે છે. તેણે એક-બે વખત તો એને મોઢામોઢ કહ્યું કે, તું આવું ન કર. તેનામાં કોઈ ફેર ન પડ્યો. એ છોકરી ડિસ્ટર્બ રહેવા લાગી. એક વખત તે એક સંત પાસે ગઈ. તેણે કહ્યું કે, 'એ માણસ બધે મારું ખરાબ જ બોલે છે, મારે શું કરવું?' સંતે કહ્યું, 'કંઈ જ કરવાની જરૂર નથી. તું એની વાતો ધ્યાને લે છે એ પણ બંધ કરી દે.' સંતે ઉમેર્યું કે, 'આપણાથી કંઈ ન જોવાય ત્યારે આપણે આંખો બંધ કરી દઈએ છીએ, કોઈ ગંધ આવતી હોય તો થોડીક ક્ષણો નાક બંધ કરીને દૂર ચાલ્યા જઈએ છીએ. કાન આપણે બંધ કરી શકતા નથી, એટલે જ એ આદત કેળવવી પડે છે કે, શું સાંભળવું અને શું ન સાંભળવું. આપણે ડસ્ટબિન નથી કે બધાને આપણે એનો કચરો ઠાલવવા દઈએ.'

એક યુવાનની આ સાવ સાચી વાત છે. તેને એક મિત્ર હતો. એ મિત્ર જ્યારે કોઈની વાત શરૂ કરે ત્યારે એ તરત જ કહી દેતો કે, એની વાત ન કર. મારે સાંભળવી જ

નથી. કોઈ એમ કહે કે, એ તારા વિશે આવું કહેતો હતો તો તરત જ આપણને એમ થાય છે કે, શું કહેતો હતો? એ યુવાને કહ્યું કે, એ જે કહેતો હોય, મને કોઈ ફેર પડતો નથી. ઘણી વખત નક્કામા લોકોની વાતો ધ્યાને લઈને આપણે એને કારણ વગરનું મહત્ત્વ આપતા હોઈએ છીએ. વાત એની જ સાંભળો જેની વાતોમાં દમ હોય, જેના વિચારો સારા હોય અને જેની વાતોમાંથી કઈક શીખવાનું હોય. બધાની બધી વાતો સાંભળવાની કંઈ જરૂર જ હોતી નથી.

બીજાની વાતોમાં રચ્યાપચ્યા રહીએ તો આપણો સમય, આપણું મગજ અને આપણી શક્તિ વેડફાય છે. આ બધાની સાથે એ પણ વિચારવાની જરૂર રહે છે કે, ક્યાંક હું તો બીજાનું ખરાબ કે ખોટું બોલવામાં મારી શક્તિ વેડફતો નથી ને? મારાથી તો બીજાની અદેખાઈ થઈ જતી નથી ને? હું તો કોઈને ખુશ જોઈને બળી મરતો નથી ને? એવું કરતા હોઈએ તોપણ સરવાળે તો આપણે આપણું જ નુકસાન કરતા હોઈએ છીએ. સામેવાળાને આપણા વિચારોથી કોઈ ફેર પડતો નથી, આપણા વિચારો આપણને જ ઘડે અથવા નડે છે. સુખ અને શાંતિ માટે ક્ષણે ક્ષણે સાવધાન રહેવું પડે છે. જરાકેય ધ્યાનભંગ થયું તો જિંદગીને આડા પાટે ચડી જતાં વાર નથી લાગતી. આપણું ભલું આપણે જ વિચારવું પડે છે, એના માટે કંઈ બૂરું ન વિચારવું એવું નક્કી કરવું પડતું હોય છે. બીજા તરફ ધ્યાન આપવાનું બંધ કરીએ તો જ આપણે આપણા પર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ.

---

**(૨૬મા પાનાનું ચાલુ)**

પચાસ ગામોથી શરૂ કરેલું કામ આજે પચીસ હજારથી વધુ ગામો સુધી પહોંચ્યું છે, અત્યાર સુધીમાં વીસ લાખથી વધુ છોકરીઓને શિક્ષણ આપવામાં સફળતા મળી છે. વર્લ્ડ બૅન્ક પણ છોકરીઓને શિક્ષિત કરવા માટે કરવામાં આવેલા મૂડીરોકાણને સર્વોત્તમ મૂડીરોકાણમાંનું એક કહે છે. તાજેતરમાં જલવાયુ વૈજ્ઞાનિકોએ ગ્લોબલ વૉર્મિંગ અટકાવવા માટે એંસી કાર્યોની સૂચિ જાહેર કરી છે. તેમાં આશ્ચર્યની વાત એ છે કે છોકરીઓ માટે શિક્ષણનો નંબર છઠ્ઠા સ્થાને છે, જે ઇલેક્ટ્રિક કાર અને પૅનલ કરતાં આગળ છે. ૨૦૨૧માં રાજસ્થાનમાં સફીનાએ ‘પ્રોજેક્ટ પ્રગતિ’ શરૂ કર્યો, તે અંતર્ગત પંદરથી પચીસ વર્ષની ત્રણસો છોકરીઓએ સ્કૂલમાં ફરી અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને આજે તેમાં સાત હજાર છોકરીઓ અભ્યાસ કરે છે. તેમાંથી ૬૧ ટકા છોકરીઓ દસમા ધોરણમાં ઉત્તીર્ણ થઈ છે. સફીના હજી વધારેમાં વધારે ગામડાંઓની વિદ્યાર્થિનીઓને આવરી લઈને ૨૦૩૫ સુધીમાં તેઓ એક કરોડ બાળકો સુધી પહોંચવા માગે છે અને ઇચ્છે છે કે વિશ્વમાં એમનું મૉડલ અપનાવવામાં આવે.

‘એજ્યુકેટ ગર્લ્સ’ને ૨૦૨૫નો રેમન મૅગ્સેસે ઍવૉર્ડ મળ્યો છે, જે ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મનીલામાં આપવામાં આવશે. રેમન મૅગ્સેસે ઍવૉર્ડ મેળવનારી ‘એજ્યુકેટ ગર્લ્સ’ ભારતની પ્રથમ સંસ્થા છે.

સંસ્કૃતિ

# જય રણછોડ

સુધા ભટ્ટ

અહમદશાહ બાદશાહે અહમદાબાદ શહેર વસાવ્યું એ પૂર્વે આશાવલ્લી કે કર્ણાવતી કહેવાતા આ નગરમાં અનેક પ્રાચીન સ્થાપત્યો અને ઈમારતો અસ્તિત્વમાં હતાં. હવે અમદાવાદ નામ જીભે ચડી ગયું છે અને એને વિશ્વની પારંપરિક બહુમૂલી ઈમારતો ધરાવતા 'હેરિટેજ' શહેરનો દરજ્જો મળ્યો છે ત્યારે એ સન્માનનું માન રાખીને આપણે એ સ્થાન પણ જાળવી રાખવાનું છે. ઘણી વાર ઘરઆંગણાની વિરાસતના પરિસરમાં સન્નાટો આંટાફેરા કરતો હોય છે અને એ ખરા કલાપારખુ અને કલાપ્રેમીની રાહમાં હિજરાતી હોય છે. હકીકત તો એ છે કે એકંદરે ઐતિહાસિક કે ધાર્મિક સ્થાનોમાં સૂનકાર વ્યાપી ગયો છે એમ ન કહી શકાય, પરંતુ કવચિત્ ઓછા જાણીતા કે ભગ્નાવશેષો થકી ખંડેરમાં પરિવર્તિત થઈ ચૂકેલાં સ્થાપત્યો અને શિલ્પો તો વળી સાવ સૂનાં પડી ગયેલાં જણાય છે. તે પળે ભાવકો જો ભર્યા ભર્યા હૈયે તેને હૈયાસરસાં ચાંપે તો જીર્ણોદ્ધાર તો ઠીક; ઉદ્ધાર જરૂર થઈ જાય. હા, અમદાવાદની જ વાત છે તો કોટ વિસ્તારમાં ચાહીને આંટો મારવાનું મન થાય. કંઈ કેટલાંય સ્થાપત્યો, સ્મારકો, વાવ જાણે ઉદ્ગ્રીવ દૃષ્ટિ કરીને રસિકોની વાટ જોતાં જણાય. શહેરને ફરતી સીમારેખાઓ અને અમદાવાદ જિલ્લો પણ આવા કંઈક ખજાનાઓથી સમૃદ્ધ છે.

એવો કોઈ ચમત્કાર થાય અને ભક્ત બોડાણો ફરીથી દ્વારકાથી ડાકોર ભણી ડગ ભરતો હોય અને સહેજ પોરો ખાવા વચ્ચે અમદાવાદ નગરે રોકાય તો એ ચોક્કસ ખાડિયા-સારંગપુર વિસ્તારના રણછોડરાયજીના મંદિરના રવેશમાં જ આરામ ફરમાવતો દેખાય; કારણ કે એનો રણછોડરાયજી સાક્ષાત્ ભક્તોને રસતરબોળ કરતો અહીં બિરાજમાન છે અને એ માખણચોરના કચોળામાંથી માખણના પ્રસાદનાં રસબુંદ શ્રદ્ધાળુઓ સુધી સ્વયં લાંબા થયાની ભાવના મનોમન કરે છે. મંદિરના ગર્ભગૃહમાં રણછોડરાયજીની શ્યામલ પ્રતિમા સપત્નીક શોભે છે. ગુજરાત સમસ્તમાં આ એક જ મંદિર એવું છે જેમાં ઠાકોરજીની માનુનીઓ એમની સંગ છે. અશક્ત આસ્થાળુઓને અહીં કાર્તિકી પૂનમે પ્રભુ ડાકોરના રણછોડરાયજીના સ્વરૂપે દર્શન દેતા હોવાનું શ્રદ્ધાપૂર્વક મનાય છે. શયનઆરતી વખતે આ લાભ મળે છે. જેઠ માસની પૂનમે પ્રભુજીને અહીં જાહેરમાં કેસરસ્નાન કરાવવામાં આવે છે. આ દિવસે બે-અઢી હજાર કિલો કેરીનો મનોરથ કરી તેને પ્રસાદ રૂપે ગરીબોમાં વહેંચવામાં આવે છે. એ વ્યવસ્થામાં મંદિરના ટ્રસ્ટી અને મંત્રી શ્રી લવલેશભાઈ મહેતાનું સુચારુ સંચાલન પ્રતીત થાય છે. ટ્રસ્ટી શ્રી રાજુભાઈ દવેના કહેવા મુજબ તો શ્રીમદ્ ભાગવતમાં અન્નકૂટ-હિંડોળા વગેરેની જે પદ્ધતિ દર્શાવવામાં આવી છે એ જ રીતને અહીં અનુસરવામાં આવે છે.

છસ્સોથી વધુ વર્ષો પહેલાંનું આ મંદિર મૂળે તો સુવાંગ કાષ્ઠમાંથી બનેલું હતું.



નિજમંદિરમાં, કલમ ચૉક અને પ્રાંગણ તેમજ પ્રવેશદ્વાર - સર્વત્ર કાષ્ઠસ્તંભો, તોરણ અને મંડપ હતાં. ચારેક દાયકા પૂર્વે જીર્ણોદ્ધાર કરી મંદિરની કાયાપલટ એટલા માટે કરવાની થઈ કે લાકડાનાં બધાં બાંધકામ અને કલાકર્મમાં ઊધઈએ પગપેસારો કરી દીધો હતો. મધ્યના કમળચૉક પાસેની લાકડાની કમાનો બદલી હવે ધાતુની કમાનો અને તેની સાથે મોર-પોપટનાં સુશોભનો દીપી ઊઠ્યાં છે. રણછોડરાયજીની મૂર્તિનો મંડપ અને તેની ઉપર રૂડી ભાત અને કોતરણી હવે ધાતુ ઉપર ઊપસી આવ્યાં છે. અહીં વચ્ચોવચ્ચ ઠાકોરજીનું વાહન ગરુડ વિષ્ણુસ્વરૂપે ગગનવિહાર કરવા તત્પર જણાય છે. અહીં જય-વિજય નામના દ્વારપાળો ઊભા છે જેમને કર્મબંધનને કારણે પૃથ્વી પર અવતાર લેવા પડ્યા છે. કમળ-ચૉકની જમણી બાજુએ કાળભૈરવ અને મહાદેવજી નગરશ્રેષ્ઠીઓની કૃપાથી પરિસરને સમરસ બનાવી રહ્યા છે. અંગ્રેજ લેખક ફોર્ઝે પોતાના પુસ્તકમાં આ મંદિરનો ઉલ્લેખ એક અગત્યના સ્થાપત્ય તરીકે કર્યો છે.

પૌરાણિક હિંદુ શૈલીના આ સ્થાપત્યના જીર્ણોદ્ધારની પ્રક્રિયા દરમિયાન શ્રમિકો, કારીગરો અને કલાકારોને માથે રણછોડરાયજીનું છત્ર હતું એવા અનેક અનુભવો લોકોએ વહેંચ્યા છે. હવે, આરસ અને જયપુરી ગુલાબી પથ્થર વડે મંદિર, તેના શણગાર અને કાળિયા ઠાકોર - સૌનું મહાત્મ્ય વધ્યું છે. પ્રવેશદ્વારે ઝીણી કોતરણીવાળાં પાંચ તોરણો દર્શનાર્થીઓનું સ્વાગત કરે છે. સળંગ સાંકળ, ફૂલ, વેલ, પત્તીની કોતરણી જણાય. મુખ્ય સ્તંભ પર કુંભી અને છ છ મદલો વળાંકવાળી રચનાથી રસપ્રદ બને છે. ભૌમિતિક આકારો, કમળ, દંડ, ફૂલ-ફળ સહિતનાં કલાસ્થાનોમાં કમળપંખુડીઓ, ચક્ર, ટોડલા કે ઘંટ જેવા આકાર સાથે ઘંટના મોગરાની પણ નોંધ લેવી પડે હોં ! તોરણોની પછીતે દીવાલ અને છાપરા વચ્ચેનો ગાળો સ્થાપત્યને ઊંચાઈ બક્ષે છે. છજાને આપેલા ટેકા આગળની કળાને પણ ટેકો આપે એનાથી રૂડું બીજું શું ? બાકી તો, રણછોડરાયજીનાં આઠે સમાનાં દર્શન અને સમા સમાના શણગાર, સામગ્રી, આરતી અને કીર્તનનું તો .... ક્યા કહેના !

ટેક્નૉલૉજી

# એઆઈની પીછેહઠ ?

હર્ષ મેસવાણિયા

૨૦૨૨માં ચૅટજીપીટીએ કેવો રોમાંચક માહોલ બનાવ્યો હતો યાદ છે ? ચૅટજીપીટી પર સવાલો પૂછીને એના જવાબો પરથી એની બુદ્ધિમત્તાની વાહવાહી થતી હતી. લોકો કહેવા લાગ્યા હતા કે બસ, હવે માણસની બધી નોકરીઓ જોખમમાં છે. તે એટલે સુધી કે પ્રોજેક્ટ્સના રાઈટિંગથી લઈને સર્ચ સુધીમાં થોડા દિવસોમાં જ ચૅટજીપીટીનો દબદબો જોવા મળ્યો હતો. ગણતરીના દિવસોમાં એના વપરાશકર્તાઓનો આંકડો કરોડોને પાર પહોંચી ગયો હતો. થોડા થોડા દિવસે વળી સમાચારો આવતા હતા કે ચૅટજીપીટીએ પીએચ.ડી. કક્ષાનું સંશોધન કર્યું કે પછી વકીલ કરે એવું કામ કર્યું.

શરૂઆતથી જ એઆઈ ચૅટબોટ્સના અપડેટ્સને અનુસરનારાઓને એ પણ યાદ હશે કે એ સમયે ગૂગલની મૉનોપૉલી તૂટી જશે અને સર્ચ એન્જિનનો યુગ પૂરો થઈ જશે એવી અટકળો શરૂ થઈ ગયેલી. સર્ચ એન્જિનમાં ૯૦-૯૨ ટકા હિસ્સો ધરાવતા ગૂગલના માલિકોને અને સીઈઓને પરસેવો છૂટી ગયો હતો. તે એટલે સુધી કે ભારતીય મૂળના સુંદર પીચાઈએ એના સ્થાપકોને અટકાવવા માટે વિનંતી કરી હતી. આમ તો ગૂગલે એઆઈ ટૅક્નૉલૉજી પર કામ શરૂ કર્યું હતું, પરંતુ એ પ્રોજેક્ટ પૂરો થાય તે પહેલાં જ ઓપન એઆઈએ સમયસર સિક્સર લગાવીને ચર્ચા જગાવી દીધી હતી. પછી તો ગૂગલે પણ જેમિનાઈ લૉન્ચ કરીને ટક્કર આપવાનું શરૂ કર્યું. એ સમયે આખી દુનિયા એક જ વાત કરતી હતી કે હવે જમાનો એઆઈ ટૅક્નૉલૉજીનો છે. બધાની નોકરીઓ આ ટૅક્નૉલૉજી ભરખી જશે.

જો તમને સ્મરણ હોય તો ત્યારે માઇક્રોસૉફ્ટના સીઈઓ સત્ય નાડેલા ભારતમાં આવ્યા હતા અને તેમણે ચૅટજીપીટીનું ડેમૉન્સ્ટ્રેશન પણ કર્યું હતું, કારણ કે માઇક્રોસૉફ્ટ એઆઈને ફંડ આપતું હતું અને આ ચૅટબોટને માઇક્રોસૉફ્ટના સર્ચ એન્જિન બિંગ સાથે જોડીને ગૂગલને ટક્કર આપવાની ગણતરી હતી. ગૂગલ અને માઇક્રોસૉફ્ટ જેવી ટોચની બે ટૅક્નૉલૉજી કંપનીઓ વચ્ચે એઆઈની સ્પર્ધા શરૂ થઈ પછી તો દુનિયાભરમાં એઆઈ માણસને રિપ્લેસ કરી દેશે એવી હવા બંધાઈ ગઈ હતી.

મોટી મોટી કંપનીઓએ એઆઈમાં રોકાણ કરવા માટે અલાયદું ફંડ ફાળવી દીધું હતું. કંપનીઓને લાગ્યું હતું કે માણસને બદલે એઆઈ એજન્ટ બહુ ઉપયોગી થઈ પડશે. જો એઆઈમાં રોકાણ નહીં કરીએ તો પાછળ રહી જઈશું. ટૅક્નૉલૉજીના ક્ષેત્રની કંપનીઓમાં એઆઈના કારણે છટણીનો દૌર પણ ચાલ્યો હતો. લોકોમાં એઆઈના કારણે નોકરી ગુમાવવાનો ડર હતો.

જોકે, આ બધી વાતો હવે ત્રણ વર્ષ પછી બદલાઈ ગઈ છે. હવે નવા અહેવાલમાં

દાવો થયો છે કે એઆઈના અનેક પ્રોજક્ટ્સ અધવચ્ચે લટકી પડ્યા છે. ઘણી કંપનીઓનું વલણ ધીમે ધીમે પણ મક્કમ રીતે બદલાઈ રહ્યું છે. આ કંપનીઓ એઆઈ કેટલું ઉપયોગી થશે



અને એનું ખર્ચ કેટલું થશે એનું આકલન ગંભીરતાથી કરવા માંડી છે.

અમેરિકાની મૅસેચૂસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજીના છેલ્લા અહેવાલમાં કહેવાયું કે એઆઈના જે પ્રોજક્ટ શરૂ થયા હતા, એમાંથી પાંચ ટકા પ્રોજક્ટ જ સફળ થયા છે. ૯૫ ટકા પાઈલટ પ્રોજક્ટ અધ્ધરતાલ રહી ગયા છે. મોટા ભાગની કંપનીઓએ એઆઈ ટૂલ્સને એડપ્ટ કરવામાં ઉત્સાહ બતાવ્યો, પરંતુ કંપનીઓને એમાં ફાયદો જણાયો નહીં એટલે પ્રોજેક્ટ પડતા મુકાયા. ‘ધ જેન ડિવાઇડ - સ્ટેટ ઑફ એઆઈ ઇન બિઝનેસ-૨૦૨૫’ નામના અહેવાલમાં કહેવાયું કે એઆઈ પર પૂરી ન કરી શકાય એવી અપેક્ષાનો બોજ હતો. એમાં અસરકારકતાનો અભાવ જોવા મળ્યો અને સ્પેશિયલ એડપ્શન પણ ધારણા પ્રમાણે થયું નહીં. સ્પેશિયલ એડપ્શન એને કહેવાય કે કોઈ કંપની એની સર્વિસ પ્રમાણે એઆઈ એજન્ટ બનાવીને એની સર્વિસ લેવાની શરૂ કરે, પરંતુ એવા સ્પેશિયલ એજન્ટ બનાવવાનું મોંઘું છે અને તે પછીય એની પાસેથી ધારણા પ્રમાણે કામ લઈ શકાતું નથી. તેના પરિણામે કંપનીઓએ ફંડ આપવાનું ટાળ્યું છે.

છેલ્લા ઘણા સમયથી એવી હવા ચાલતી હતી કે ચૅટજીપીટી, ક્લાઉડ અને જેમિનાઈ જેવા એઆઈ ટૂલ્સ વર્ક પ્લેસને બદલી નાખશે. એમઆઈટીએ એઆઈના પાઈલટ પ્રોજેક્ટનું વિશ્લેષણ કર્યું તો જણાયું કે મોટી મોટી કંપનીઓને એઆઈથી મોહભંગ થઈ ગયો છે. માત્ર ૩૦ ટકા એઆઈ મૉડલ્સ જ ઑફિસ સ્ટાફનું કામ કરી શકે તેમ છે. એ પછીનું કામ તો માણસોએ જ કરવું પડે છે, તેથી કંપનીઓએ એવું વિચાર્યું કે ૩૦ ટકા કામ માટે એઆઈ ટૂલ્સ વિકસાવવાનું મોંઘું પડશે. એઆઈ ટૂલ્સ નિષ્ફળ જાય છે એની પાછળ લર્નિંગ ગેપ પણ એક મહત્ત્વનું કારણ છે.

ઘણી કંપનીઓએ ઉત્સાહમાં એઆઈ ટૂલ્સ પાસેથી કામ લેવાનો પ્રારંભ કર્યો છે, પરંતુ એને પોતાની કંપનીને અનુરૂપ ડિઝાઇન કરવા પાછળ ફંડ ફાળવવામાં આવતું નથી. અત્યાર પૂરતી એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે એઆઈ એક એવો ફુગ્ગો સાબિત થયો છે, જે બહુ વહેલો ફૂટી જશે. તમે વિચાર કરો કે માણસ નકામો થઈ જાય તો કંપનીઓ સામું ન જોતી હોય ત્યારે ચૅટબોટને તો ક્યાંથી ભાવ આપે!

હવે જોવાનું એ છે કે એઆઈમાં રોકાણ ઘટશે એની લાંબા ગાળાની કેવી અસર થશે.

વિશ્વકોશવૃત્ત

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૦ ઑક્ટોબર, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૩૦**

વિષય : સાહિત્યકારો અને કલાકારો સાથેના મારા અનુભવો

વક્તા : શ્રી શાહબુદ્દીન રાઠોડ

◈ **૧૧ ઑક્ટોબર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : Winged Migration ફિલ્મની પ્રસ્તુતિ (૮૦ મિનિટ)

દિગ્દર્શક - જેક્સ પેરિન (Jacques Perrin)

બર્ડ માઈગ્રેશન ડે નિમિત્તે આ ફિલ્મ રજૂ થશે. આ ફિલ્મમાં ગીઝ જાતના એક પંખીના પ્રવાસની વાત કરવામાં આવી છે જે એક સ્થળેથી ઊડીને વિવિધ દેશનો પ્રવાસ કરી ફરી પોતાના મૂળ સ્થાન પર પરત આવે છે તેની વાત રજૂ થઈ છે. ફિલ્મ પૂર્ણ થયા બાદ આ ફિલ્મના સર્જન વિશે શ્રી અભિજિત વ્યાસ સ્લાઇડ્સ દ્વારા જાણકારી આપશે.

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૩ ઑક્ટોબર, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૦૦**

વિષય : અનુસ્વાર

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૯ ઑક્ટોબર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : અનુસ્વાર

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી

◈ **૩૦ ઑક્ટોબર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૩૦**

વિષય : સરદારનું સ્વપ્ન સાર્ધ શતાબ્દીએ સાકાર કરી શક્યા છીએ ?

વક્તા : શ્રી પ્રવીણ ક. લહેરી


### વિશ્વકોશ દ્વારા પ્રકાશિત અન્ય સામયિકો

'વિશ્વા' ત્રૈમાસિક, વાર્ષિક લવાજમ : ૨૦૦/- રૂ.

'ગુર્જરી ડાયજેસ્ટ' ત્રૈમાસિક, ત્રણ વર્ષનું લવાજમ : ૫૦૦/- રૂ.



આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.ની નિશ્રામાં વિશ્વકોશ દ્વારા અપાયેલો આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક સ્વીકારતા શ્રી અભય દોશી અને મંચસ્થ મહાનુભાવો



'પૉર્ટ્રેટ (વ્યક્તિચિત્ર) કલાકારની દૃષ્ટિએ : આધુનિકથી આજ સુધી' વિશે અનિલ રેલિયા



'કાશ્મીરમાં આપણે'
વિશે સંજય-તુલા




'ગઝલના ગહન વિશ્વની યાત્રા'
વિશે જવાહર બક્ષી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999


RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં ગ્રંથોનું પુનઃ પ્રકાશન




વિખ્યાત કૅન્સર નિષ્ણાત ડૉ. શિલીન શુક્લ દ્વારા તૈયાર થયેલો ગુજરાતી ભાષામાં સૌપ્રથમ તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ (Dictionary of Medical Terminology) ભાગ-૧ (A-H), કિં. ૯૦૦/-, પૃ. ૪૦૮, દ્વિતીય આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૨૫

ભાગ-૨ (I-Z), કિં. ૯૦૦/-, પૃ. ૪૦૮, દ્વિતીય આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૨૫




સમગ્ર ભારતની મહત્ત્વની સંત કવયિત્રીઓનાં જીવન-કવનને આલેખતું પુસ્તક
'ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ', લે. કાલિન્દી પરીખ, પૃ. ૨૪૦, કિં. ૩૦૦, દ્વિતીય આવૃત્તિ : ૨૦૨૫

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪